માસિક
Shree Swaminarayan (Gujarati Monthaly)

# શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૨૧૫ ● જૂન૨૦૨૫
Volume no. 18, Issue No. 215 June 2025

## આમ્રોત્સવ



પ્રકાશકઃ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,અમદાવાદ-૧ Publisher: Shree Swaminarayan Temple, Ahmedabad- 380001 Rs.5/-



મોટપ (બહેનોનું) નૂતન મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



રાપર (કચ્છ) નૂતન મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરતા અને ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



સિમેજ (ધોળકા પ્રદેશ) નૂતન મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી




સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭

www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮

શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (મહંત સ્વામી)

Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

Mo. : 9313706095

magazine@swaminarayan.in

www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : magazine@swaminarayan.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર





વર્ષ - ૧૮ (મૂળ વર્ષ ૫૮) ● સળંગ અંક : ૨૧૫ ● જૂન-૨૦૨૫


## અ નુ ક્ર મ ણિ કા


૦૧. અસ્મદીયમ્ ૦૪

૦૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૦૫

૦૩. ''સમૈયો''ના ઉપલક્ષમાં શિક્ષાપત્રી ૦૬

૦૪. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી આશીર્વચન ૦૭

૦૫. ''ભગવાનના ભક્ત છે તે તો ભગવાનના ભજનને વિષે જાગ્યા છે'' ૧૧

૦૬. આપણા હરિ મંદિરો તથા પ્રસાદી સ્થાનો (પોર વાવોલ દેશ) શ્રી સ્વામિનારાયણ મંદિર, વાવોલ ૧૨

૦૭. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી ૧૩

૦૮. ભક્તિસુધા ૧૪

૦૯. ''સમૈયો''ના ઉપલક્ષમાં ૨૧

૧૦. સત્સંગ સમાચાર ૨૫

# અસ્મદીયમ્

વ્હાલા ભક્તો,

આપણે ક્યારેય એક ચિત્તે થઈ વિચાર કર્યો ? કે મહારાજે પોતે સ્વહસ્તે કોઈ શાસ્ત્રો લખ્યા નથી, સંતોએ જરૂર શાસ્ત્રોની રચના કરી છે, મહારાજે માન્ય પણ કર્યા છે.

મહારાજે સ્વહસ્તે ફક્ત ''શિક્ષાપત્રી'' લખી છે. કેમ લખવી પડી ? ખબર છે ? મહારાજના એમના ''આશ્રિતો'' સાથે ખૂબ પ્રેમ હતો. આશ્રિતોની ખૂબ ચિંતા હતી, મારા આશ્રિતો, निजाश्रितान्, मदुपाश्रितैः ममाश्रितै ? એમ વારંવાર મારા.... મારા.... કરે છે.

જેના પર ખૂબ વ્હાલ હોય તેનું ભલું ઈચ્છવું એ તો ખૂબ સ્વાભાવિક છે, તો મારા આશ્રિતોનું ભલું કેમ કરી શકું ? એમનું રૂડું કેમ થાય ? એ માટે શિક્ષાપત્રી લખી.

સવારે ક્યારે ઉઠવું, કઈ ક્રિયા કરવી, વ્યવહાર કેમ કરવો, ક્યાં કેમ વર્તન કરવુંથી માંડી, આ જીવ, માયા, ઈશ્વર, પરબ્રહ્મ શું છે બધું જ કહી દીધું.

મહારાજ આપણને આજ્ઞા અને ખાસ કરીને ઉપાસના બંને સ્પષ્ટપણે સમજાવી ગયા. કોઈ મિત્ર તમારું ભલું ઈચ્છે તો જીવનમાં સાચી સલાહ આપે. પણ આતો સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ ! કેવી સલાહ લખીને આપી ગયા કે કાંઈ બાકી ન રહે. આ લોક અને પરલોકમાં પણ મહાસુખિયા થાય. આ શિક્ષાપત્રીની આજ્ઞાઓને અનુસરીને જ જે નરનારી વર્તશે, નિયમો દૃઢતાથી પાળશે, તે બધા, ધર્મ, અર્થ, કામ અને મોક્ષને અવશ્ય મેળવશે. એવું પોતે વરદાન શિક્ષાપત્રીમાં જ આપી દીધું છે.

હા હવે પ્રશ્ન આવે છે કે આપણે શ્રીજી મહારાજના 'આશ્રિત' છીએ ? મહારાજે આપણને જીવન જીવવાની જે ભલામણ-આજ્ઞા કરી છે તે પાળવા મનને ઈચ્છા છે ? કે પછી મન મુખી થઈ ફાવે તેમ વર્તવુ છે ? સંપ્રદાયના મુખ્ય બે સ્તંભ છે, આજ્ઞા અને ઉપાસના.

સમૈયાના ઉપલક્ષમાં ગામો ગામ હરિભક્તો, કોઠારી, શ્રી નરનારાયણદેવ યુવક મંડળ એમ દરેકે પોતપોતાની ફરજ સમજી શિક્ષાપત્રી સત્સંગ સભા, વિશેષ પ્રવૃત્તિના ભાગ રૂપે, સામાજીક પ્રવૃત્તિ જેમા સ્વચ્છતા અભિયાન, વૃક્ષા રોપણ, દરેકે વ્યક્તિગત નિયમ લેવા એજ રીતે ગામોગામ અને શહેરના હરિભક્તોને ઉપરોક્ત પ્રવૃતિઓમાં જોડાવા ખાસ અમારો અનુરોધ છે.



શિક્ષાપત્રીમાં આજ્ઞાઓ લખીને આપી અને 'ઉપાસના' સારુ પોતે મંદિરો બંધાવ્યા. આ મંદિરમાં પધરાવેલ દેવની ઉપાસના કરીએ, અને શિક્ષાપત્રી પ્રમાણે અણિશુદ્ધ વર્તન કરીએ. આપણું જીવન સાર્થક થઈ ગયું !

આગામી અષાઢ સુદ-૧૫ ગુરુ પૂર્ણિમાના રોજ શ્રી નરનારાયણદેવ દેશના તમામ હરિભક્તોને કાલુપુર આપણા મંદિરમાં આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ગુરુ પૂજનમાં ખાસ પધારવા અમારૂં રૂડું આમંત્રણ છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
**શાસ્ત્રી પુરૂષોતમપ્રકાશદાસના**
**જયશ્રી સ્વામિનારાયણ**

શ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(મે-૨૦૨૫)

૧-૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૩ શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૪ શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૬ શ્રી સ્વામિનારાયણ મંદિર મોટપ (બહેનોનું) પુનઃ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૮ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સંત મહાદીક્ષા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૯ શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) ભાયલા મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૧ થી ૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર રાપર (કચ્છ) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૭ શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકા ૧૯૮ માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે અને ત્યાંથી સિમેજ ગામ શ્રી સ્વામિનારાયણ મંદિર પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૧ થી ૨૭ શ્રી સ્વામિનારાયણ મંદિર નેશવીલ (અમેરિકા આઈ.એસ.એસ.ઓ.) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી, પારસીપની (આઈ.એસ.એસ.ઓ.) મંદિર ૧૦ મા પાટોત્સવ પ્રસંગે પધરામણી.



## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(મે-૨૦૨૫)

૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પૂનમ સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૧૯ થી ૨૬ શ્રી સ્વામિનારાયણ મંદિર નેશવીલ (આઈ.એસ.એસ.ઓ. અમેરિકા) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. પારસીપની (આઈ.એસ.એસ.ઓ. અમેરિકા) મંદિરના દશાબ્દી પાટોત્સવ પ્રસંગે પધરામણી.

શ્રી સ્વામિનારાયણ

# સમૈયા ના ઉપલક્ષમાં ॥ શિક્ષાપત્રી ॥



व्यभिचारो न कर्तव्यः पुम्भिः स्त्रीभिश्च मां श्रितैः ।
द्यूतादि व्यसनं त्याज्यं नाद्यं भङ्गादि मादकम ॥१८॥

**અનુવાદ : અને અમારા આશ્રિત જે પુરૂષ તથા સ્ત્રીઓ-તેમણે વ્યભિચાર ન કરવો, અને જુગટું આદિક જે વ્યસન તેનો ત્યાગ કરવો, અને ભાંગ, મફર, માજમ, ગાંજો આદિક જે કેફ કરનારી વસ્તુ તે ખાવી નહિ અને પીવી પણ નહિ. ॥૧૮॥**

વિવેચન : પરસ્ત્રી પરિગ્રહ, જુગાર તથા મદ્યપાનાદિ દુષ્કર્મો સામાન્ય રીતે બધા જ ધર્મોમાં અને શાસ્ત્રોમાં ત્યાજ્ય ગણ્યાં છે. અહીં ભગવાન એમ કહે છે કે, પુરુષોએ પરસ્ત્રી ગમન તથા સ્ત્રીઓએ પરપુરુષ ગમન ન કરવું, વિશેષરૂપે જેઓએ શ્રી સ્વામિનારાયણનો આશ્રમ સ્વીકાર્યો છે તેઓએ તો આ પાપમાંથી મુક્ત જ રહેવું. મનથી પણ પરસ્ત્રીને કામ-ભાવથી ન જોવી. મહાભારતમાં કહ્યું છે -

''मनसापि प्रदुष्टेन ये पश्यन्ति परस्त्रियम् ।
रोगार्ताः ते भवन्तीह नरा दुष्कृतिकारिणः ॥

હારીત સ્મૃતિમાં પરસ્ત્રી ગમનને બ્રહ્મહત્યા સમાન ગણેલ છે. મનથી પણ વ્યભિચાર ન કરવો એ અભિપ્રેત છે. અહીં કોઈ દોષિત મનવાળો એમ કહે કે વેશ્યા તો પરસ્ત્રી નથી તો તેમાં દોષ ખરો ? ઉત્તર છે કે ઉલટું તેમાં તો દોષાધિકમ્ છે, કારણ કે ધર્મશાસ્ત્રોમાં પણ્યસ્ત્રી, બંધકી વગેરેને તો ત્યાજ્ય ગણ્યાં છે સાથે તે માટે દંડ પણ નિયત કર્યો છે.

આજે પશ્ચિમની સંસ્કૃતિની અસર, મોબાઈલ ફિલ્મો વગેરેનો પ્રભાવ અને કંઈક ઉન્મુક્ત વાતાવરણને કારણે એવી પરિસ્થિતિ થઈ છે કે, યુવક વર્ગમાં જાતીય અનુશાસન વિહીનતા ક્યારેક અમુક અંશે જોવા મળે છે. જે પ્રજામાં જાતીય નૈતિકતા નથી હોતી તે પ્રજા અવશ્ય નષ્ટ થાય છે. મધ્યયુગમાં ફ્રાંસ જેવા દેશો ખૂબ શક્તિશાળી હતા. પરંતુ ફ્રેંચ પ્રજામાં જાતીય નૈતિકતા ઓછી થઈ કે તરત તે પ્રજાની અધોગતિ થઈ. સ્ત્રી અને પુરુષ પવિત્ર લગ્નજીવન ગુજારે અને સામાજિક રીતે નૈતિકતા સાચવે એ સમાજના હિતમાં છે. સંસારત્યાગ કરનાર અને વૈરાગ્યને પામનાર ઉચ્ચ આત્મા માટે આ પ્રશ્નો નથી. પણ હંમેશાં પરસ્પર સંગમાં રહેનાર સ્ત્રી-પુરુષોએ તો અનૈતિક આચરણ ન જ કરવું તથા ચરિત્રનું રક્ષણ કરવું જોઈએ જેથી સામાજિક સ્વસ્થતા ટકી રહે તથા પ્રજાનું તેજ સચવાઈ રહે.

પ્રાચીનકાળમાં આર્યોમાં દ્યૂત એક ભંયકર વ્યસન ગણાતું. ઋગ્વેદમાં એક સૂક્ત છે જેમાં જુગારી પોતાની આપવીતી કહે છે કે, કેવી રીતે એ પાયમાલ થઈ ગયો. ખુદ યુધિષ્ઠિર કે નળ જેવા મહા પ્રતાપી રાજાઓ પણ આ મહા વ્યસનના ભોગ બન્યા હતા. જુગાર એ **Chance** નું દૂષિત તત્વ ધરાવે છે. અનિશ્ચિત વસ્તુના આધારે પોતાનું ભાગ્ય નક્કી કરવા જેવી મૂર્ખતા કોઈ નથી. જીતનાર તરત હારે છે અને

(અનુ. પેજ ૧૦૫૨)



શ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી આશીર્વચન

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (બાપુનગર)

**ભૂજ મંદિર, ૪૦૧ સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ એવમ્ નારાયણ યજ્ઞ પ્રસંગે, તા. ૦૩-૦૪-૨૦૨૫ :** આદરણીય સંતો અને વહાલા હરિભક્તો, દરેકને જય સ્વામિનારાયણ. ખૂબ આનંદની વાત છે કે અસંખ્ય હરિભક્તોની ઈચ્છાથી સંકલ્પથી અને સંતોની પ્રેરણાથી દર વર્ષે સમૂહ ભાગવત કથાનું આયોજન થાય છે.

મહંત સ્વામીએ વાત કરી એ હકીકત છે, મને બહુ ગમી, જેમાં હું પ્રધાનપણે માનું છું. આજે પિતૃઓ હોય કે આપણા માતા-પિતા હોય એ એના સંસ્કારોને લઈને આપણે અહીં ભેગા થયા છીએ. એટલે એનું તો કલ્યાણ કરવાની તાકાત આપણામાં નથી કે છે ? બોલો તમે કરી શકો ? હું જ ના કરી શકું ને ! વાસ્તવિકતા એ છે કે આપણા વડવાઓએ અને ખાસ કરીને કચ્છ ચોવીસીનો ઈતિહાસ, જો આપણે ભૂતકાળમાં જઈએ તો, આપણા પેરન્ટસ (મા-બાપ), ગ્રાન્ડ પેરન્ટસ (મા-બાપના મા-બાપ) આ બધાએ પેટ ઉપર પાટા બાંધીને પોતાનો પરિવાર સુખી થાય, સત્સંગ સચવાય, એ માટે જ્યાં ગયા ત્યાં સત્સંગ સાચવ્યો છે. આજે આપણા ચોવીસીના હોય કે અન્ય આપણા ભાઈઓ-બહેનો દીકરા-દીકરીઓનું હિત થાય એના માટે ખૂબ પરિશ્રમ કર્યો છે.

**એ ગર્વની બાબત છે કે, આપણા આ પ્રાંતના હરિભક્તો પહેલામાં પહેલા વિદેશ ગયેલા છે. જ્યારે કોઈ સગવડ ન હોતી, કોઈના ખંભા ઉપર માથું મુકીને રોવાની જગ્યા નહોતી એવા સમયે ઉધમ કરી, મહેનત કરી, અને એ મોટા મોટા લોકો મજૂરીનું કામ કરતા હતા. બ્રિકલીન્ગ (ઈંટનો ભઠ્ઠો તથા કડિયાને લગતું) નું કામ કરેલું છે. જેઓ આજે કરોડો કરોડો રૂપિયાનું દાન દક્ષિણા આપે છે. એ બધાએ દાડા દાડાનું કામ કરેલું છે. પણ એ બધાએ ભગવાન રાખ્યા છે. એટલા માટે સુખી થયા છે.** એટલે વાસ્તવિકતા એ છે કે આ ઉત્સવ આપણા માટે છે.

આ સભામાં બેઠા છે એ સિવાય ઘેર બેઠા જે આ ઉત્સવ જુએ છે એનોય સંકલ્પ ગણીએ તો ૪૫૧ થી પણ વધારે થાય. દરેકને ધન્યવાદ છે કે આજે દેવની સાથે જોડાઈને, આ દેવના સાંનિધ્યમાં આપણે આપણા મા-બાપ કે ગ્રાન્ડ પેરન્ટસના ઋણમાંથી મુક્ત નથી થઈ શકતા પણ એણે જે આપ્યું છે એટલા માટે થઈને આ ઉત્સવ છે. એ આપણા નંદ સંતોની વાતો, ગુણાતીતાનંદ સ્વામીના જ શબ્દો છે કે ગુરુ આઠ આની પાળે તો ચેલો ચાર આની પાળે, એવું કંઈક છે. વડીલોએ પાળ્યું છે એનાથી આપણને રેસીડ્યુઝ (અવશેષ) મળ્યું છે. આપણી પાસે આજે સગવડ છે. જે ટાઈમે સગવડ ન હોતી ત્યારે મહેનત કરીને સામ્રાજ્ય ઉભું કર્યું છે. તેના લીધે ભગવાનને રાખીને આજે સરસ આયોજન થયું છે. ત્યારે એ વડીલોને ધન્યવાદ છે.

તમારા એ વડવાઓને યાદ રાખીએ. ભલે વાગોળીએ નહી. નવી પેઢીને એમા રસ નથી. જૂની વાતો કોઈ કરે તો કહેશે ગઢો થઈ ગયો બાપો. એકની એક વાત ત્રણ વાર રિપિટ થાય તો કહેશે કે ચડીયો (નઠારો) થઈ

ગયો. એટલે રિપિટ નથી કરવાનું પરંતુ ભૂલવાનું પણ નથી. **જે માણસ પોતાનું પાસ્ટ (બની ગયેલું) ભૂલી જાય ને એ માણસનું ભવિષ્ય નથી રહેતું. તો આપણે એટલો ખટકો અવશ્ય રાખવો. મહારાજે કીધું ને કે આપણે શું કરવા આવ્યા હતા, શું કરી રહ્યા છીએ અને શું કરવાની જરૂર છે. એવી સભાનતા વાળો માણસ બુદ્ધિશાળીમાં બુદ્ધિશાળી છે.** આપણે ફોર્ચ્યુનેટ (નસીબદાર) છીએ. ભાગ્યશાળી છીએ કે આપણને આવો સત્સંગ મળ્યો છે. દેવનું સાંનિધ્ય મળ્યું છે, આ સંતો મળ્યા છે, આ હરિભક્તો મળ્યા છે. સાંખ્યયોગી બહેનો છે. દીકરા-દીકરીઓ છે. સંસ્કાર ને પરંપરાની જાળવણી છે.

હમણા સ્વામીએ જાહેરાત કરી, મને વિચાર આવ્યો, બહુ વખત પહેલા સંતોને વાત કરી હતી કે અમદાવાદમાં શિક્ષાપત્રીનો ઉત્સવ થાય એના પહેલા ભૂજમાં થાય તો ભૂજ, મૂળી અને અમદાવાદ, એમ અમદાવાદ દેશ આખો થયો એટલે **અમદાવાદ દેશ ભેગો થાય તો આપણને ગર્વ થાય કે આપણી કેટલી તાકાત છે. આપણા કેવા ભગવાન છે. મોટામાં મોટી વસ્તુ એ છે કે અમદાવાદ દેશમાં ભગવાન સિવાય કોઈનું પ્રધાનપણું નથી.** આ વાસ્તવિકતા છે, આ હકીકત છે. આ સંતો દેખાડે છે, ઓળખાવે છે તો ભગવાનને ઓળખાવે છે. જે કંઈ છે એ ભગવાન થકી છે. હમણા અમૃતસરથી એક હરિભક્ત આવેલા. કહે, મને બ્લેસિંગ (આશીર્વાદ) આપો. મેં કહ્યું, હું કોઈ દિવસ આશીર્વાદ આપતો નથી. હા, ભગવાન આગળ હાથ જોડીને પ્રાર્થના કરીએ કે આ અમારો પરિવાર સુખી રાખે. તમે બધા અમારો પરિવાર છો. અને **આપણો આખોય નરનારાયણદેવ દેશ, અમદાવાદ દેશ ખૂબ સુખી છે, શાંતિ છે, એ શાંતિ કાયમ રહે.**

અને એ પ્રતિક છે કે આપણો શિક્ષાપત્રીનો ઉત્સવ ભૂજથી શરૂ થઈ, અમદાવાદ પૂર્ણાહુતિ થશે. તમારે ઘડીયે ઘડીયે ફલાઈટમાં આવીને ધકકા ખાવા ના પડે. એટલે ત્રણ-ચાર દિવસ કાઢો તો ભુજ, મૂળી અને અમદાવાદ એમ બધે દર્શન થઈ જાય. તમારી સગવડ માટે થઈને વિચાર આવ્યો એટલે મે સંતોને વાત કરી કે આવું કરો જેથી આપણા અમદાવાદ દેશનો કેટલો વિકાસ છે, વિસ્તાર છે એ બધાને ખ્યાલ આવે. હમણા અમદાવાદના મહંત સ્વામીએ વાત કરી એ વાસ્તવિકતા છે. શુકદેવ સ્વામીએ પણ વાત કરી આપણા સેવાશ્રમની. અત્યારે રાજયસભામાં કંઈક ચાલે છે. બધા સારુ સારુ બોલવાના. આ તો પબ્લિક (જાહેર પ્રજા) છે. તમે ૫૦% માણસને રાજી કરી દો. એટલે દુનિયા રાજી થાય. **આપણો જ્યારે સિદ્ધાંત સાચો છે, જ્યારે પરંપરા સાચી છે. પછી ખેલો. આ જ કરવાનું છે.** પણ આજે આટલું કાર્ય થઈ રહ્યું છે.

હમણા સવારે જ મને વશરામ બાપાના દીકરા જાદવભાઈ કે જેઓ બળદિયા-માનકુવાના ટ્રસ્ટી છે તેમણે આહીર ભાઈઓના ઘણા બધા સામાજિક કાર્યો વિશે જાણ કરીને કહ્યું કે આપણે અમૂક વડીલભાઈઓને મળવું છે. મેં કહ્યું, હું અવશ્ય આવીશ. **મહારાજે કોઈ જ્ઞાતિ જાતિ, ભેદભાવ, દેવ દેવી એમ ક્યાંય ડિફરેન્શીયેશન (ભેદ બતાવવો) નથી રાખ્યું.** આ ભૂત પછી શરૂ થયું છે. આ ભૂત પછી જાગ્યા છે. એક વસ્તુ મેં અગાઉ પણ કહેલી છે કે **સમય પહેલા અને પાત્રતાથી વધારે મળી જાય પછી પચતું નથી.** જે થયુ છે એ આ થયું છે. તમે જોતા હશો, અવાર નવાર ફજેત ઉભો હોય છે. **અને એ ફજેત અમદાવાદ દેશ નો નથી હોતો હો !** બાકી, થોડા થોડા દિવસે કંઈક નવું આવ્યું જ હોય ! શી ખબર, સ્વામિનારાયણ સંપ્રદાયને શું કરીને મૂકી દેવા માગે છે. આ બધા ! મને તો ખબર નથી હોતી. કારણ કે હું છાપું વાંચતો નથી અને ન્યુઝ પણ જોતો નથી. પરંતુ લોકો સમાચાર આપે છે. વાસ્તવિકતા એ છે કે આપણને મળેલા જે ભગવાન એ આપણા માટે ઈષ્ટ છે. જેને જે ભગવાન મળ્યા હોય એ એના માટે ઈષ્ટ છે. આપણે કોઈની પંચાત કર્યા વિના આપણું ભજન કરો ને ! **બધા આદરણીય છે. બધાને પ્રેમ કરો. એ સ્વામિનારાયણ ભગવાને સર્વ જીવ હિતાવહ સિદ્ધાંત આપ્યો છે. વિચાર કરો, સર્વ જીવ હિતાવહમાં ફક્ત અમારો આશ્રિત કે માણસ એવું નથી લખ્યું. જીવ લખ્યું છે. જીવના ઈન્કલુડેડમાં ઝીણા એવા જે જૂ, માંકડ, ચાંચડ, કીડી, મંકોડીથી લઈને પર્યાવરણ, એન્વાયર્મેન્ટ, નોન વાયોલન્સ આ બધી વસ્તુ, બધુ ટેક કેર કર્યું છે. એકાદશીના દિવસે બળદને ખેતરમાં હાંકવા નહી. કેમ કે એને રજા મળે. એ લોકો ભૂલી ગયા છે. આપણે ભાગ્યશાળી છીએ કે આપણામાં કોઈ ક્ષેપક વાતો આવતી નથી. આપણી પાસે મૂળ ગ્રંથો છે. એની અંદર કોઈ ચાળા કર્યા નથી એ ગર્વની વાત છે.** આ તો વાત

નીકળી એટલે વાત કરી. કોઈના માટે વાત નથી.

આનંદની વાત છે કે આપણને જે ધરોહર મળી છે, જે પરંપરા મળી છે એ આપણે જાળવી રાખી છે, જાળવી રાખીએ અને Next Generation (પછીની પેઢી)ને એન્વાયર્મેન્ટ મળે, એ વાતાવરણ મળે એ જરૂરી છે. જેની અસર ૨-૪% તો થશે જ કે ભલે ને ૦.૫% થાય. અહીં રસોડામાં અંદર જઈને લાડુ ખાઈ આવે તો ઓડકાર એવો આવવાનો જ છે. **જેવું અન્ન એવો ઓડકાર છે, જેવું શ્રવણ એવો વિચાર, જેવી દ્રષ્ટિ એવો વિચાર આવે છે. આ બધી વસ્તુ બહુ જરૂરી છે.**

ભુજ મંદિરે ઘણા બધા વર્ષોથી દર વર્ષે જે આ સમૂહ ભાગવતની પહેલ કરી છે અને હું પણ પહેલી પારાયણથી આવુ છું. જેમાં બધા હરિભક્તોનો સંકલ્પ હોય છે. દેશ વિદેશથી ટાન્ઝાનિયાથી, કેન્યાથી, લંડનથી, બોસ્ટન, કોલોનીયા, શહેરના પાછળ નાના-નાના ગામડાઓના તમે બધા અહીં એકત્રિત થયા છો. ખૂબ ધન્યવાદ છે. **તમારી શ્રધ્ધાને નમન છે, તમારી શ્રદ્ધાને પ્રણામ છે કે તમે બધા ભગવાનના થઈને રહ્યા છો એ બહુ બહુ મોટામા મોટી પ્રાપ્તિ છે. બીજે ક્યાંય પડશો નહી. કંઈક દુઃખ આવે તો મહારાજનું વચન છે કે હનુમાનજી દાદા પાસે જવું. એનો પાઠ કરવો. બાકી કોઈ કામણ ટુમણમાં પડવું નહી. આ બહુ સીરિયસ વાત છે. એમાં પડયા તો મરી ગયા હમજજો. આ ચોખ્ખું કહું છું.** ભૂલથીય તમને વિચાર આવ્યો કે વિછુંડો નડ્યો તો કાછુંડોય નડશે. **અંધશ્રધ્ધાનો કોઈ અંત નથી.** તમે આ બધા પ્લેનમાં આવ્યા તે તમારા પાયલોટે વિછુંડો ને કાંછુંડો જોઈને પ્લેન ઉડાવેલું ? એવું જુએ તો પ્લેન ટાઈમે ઉડે જ નહી. આજે અમે અમદાવાદથી આવ્યા તે નિર્ણય જોઈને કે ટીપણું જોઈને બેઠા હતા કે કયો ગ્રહ છે ને ક્યું નક્ષત્ર છે ? એવું જોઈએ તો અહીં આજે પહોંચાય જ નહી. ખબર નહી કાલે આવત અને કાલનું પણ ક્યાં ઠેકાણું પડે, કારણ કે ગ્રહ નક્ષત્ર ભેગા ન થાય તો શું થાય ? આમાં પડશો નહી. સીરિયસલી કહું છું. ગમે તેવા કહેવાતા મોટા માણસ, જંતર મંતરમાં કોઈ મોટો માણસ હોય જ નહી. એવાની જાળમાં ક્યારેય ફસાવું નહી.

એક દાખલો આપું. હમણા ચોવીસીના જ એક હરિભક્ત આવ્યા, મહંત સ્વામી હતા ઓફિસમાં. મને કહે, અમારી દીકરી કે કોઈ બહેન જે હોય એ ખબર નહી, એને દસ વર્ષથી પિતૃ નડે છે. મેં કીધું. એને કંઈ નડતું નથી. એક ડૉક્ટરની એપોઈન્ટમેન્ટ લઈ આપું છું. જઈને મળી આવો. આ વાત નહીં નહીં ને મેં ૫૦ દાખલા મોકલ્યા ને ફીડ બેક પાછું આવે કે એને મગજમાં માત્ર થોડા સોલ્ટસ (રાસાયનિક ક્ષારો)ની જરૂર હતી. મગજમાં સોલ્ટસ ઓછા પડતા હોય મીઠું હોય, ખાંડ હોય કે સાકર હોય. જેમ શરીરને સોડિયમ, પોટેશિયમ, મેગ્નેશિયમ જોઈએ એમ મગજને પણ સોલ્ટસ ઓછા પડે એટલે માલફન્કશનીંગ (કાર્યક્ષમતા નષ્ટ થવી) થાય, ડિસ બેલેન્સ (અસમતુલા) થાય. જેને દવાની જરૂર હોય તેવા કોઈને અવળા રવાડે ચડાવવા નહીં. તમારે જરૂર હોય તો મારી પાસે આવશો તો હું સારા સાયકોથેરાપીસ્ટનો સંપર્ક કરાવી આપીશ. બાકી, જો કોક આવીને તમારા હાથે દોરો બાંધી જાય કે ચોખા પાણી નાખી જાય અને એનાથી જો સારુ થઈ જતું હોય તો આ દુનિયા ચાલે જ નહી.

છાપાની અંદર આટલી અમથી ટચૂકડી જાહેરાત આવે છે. હું તો છાપું વાંચતો નથી. છેલ્લે એક વાર જોયેલુ. જે છાપું વાંચતા હોય એણે જોયુ હશે. એમાં લખ્યું હોય. તમારુ લગ્ન થઈ જશે તમારુ આ થઈ જશે. ફલાણું થઈ જશે, વશીકરણ થઈ જશે, ઓલ્યાનું ખરાબ થઈ જશે. તમારું સારુ થઈ જશે, બધુ જ અમે કરી આપીશું. તું બધુ કરી શકે છે તો આટલી ટચૂકડી જાહેરાત શા માટે આપે છે ? આખું છાપું છાપને ! વિચાર તો કરો, આ તો કોમન સેન્સની વાત છે. તમે અહીં સેવા કરો છો, છાતી ઉપર હાથ મૂકીને તમે મને કહો. **જે માણસની એટલી ક્ષમતા હોય, આનું આમ કરી આપીશું, તમારું સરખુ કરી દઈશું, કાલ ઉઠીને ઓલ્યાને બીમાર કરી દઈશું ને બીજાને હાજો કરી દઈશું તો તું જ ભગવાન થઈ જા ને ! ભારત દેશ આખો તું જ ચલાવ ને ! પણ આ બધુ નાટક છે. મહારાજે આ બધી વસ્તુથી આપણને દૂર રાખ્યા છે. આપણા કલ્યાણ માટે નરનારાયણદેવ સ્થાપ્યા છે. એમના ચરણોમાં માથું મૂકશો તો બધુ ટળી જવાનું છે. આ સીરિયસ વાત છે. હકીકત છે.** મને કોઈક લાવીને દેખાડે. આમ કરી નાખું, ખરાબ કરી નાખું. એ વસ્તુ શક્ય જ નથી, એની ખુલ્લી

ગેરંટી આપું છું. અને સાથે ચેલેન્જ (પડકાર) આપું છું કે કોઈ મંતરીને નાંખે આમ, અડદના દાણા મંતરીને લાવો, સાંજે અડદની દાળ બનાવીને પીઈશ. કંઈ થવાનું નથી કોઈના બાપની તાકાત નથી.

**જેનો બાપ આવડો મોટો હોય એનું કોઈ બગાડી નહી શકે આ હકીકત છે. આપણા ભગવાન ઉપર વિશ્વાસ હોય અને સાથે સાથે ગર્વ હોય તો તમારો વાળ વાંકો શું કરવા કરી શકે કોઈ ? જે ભગવાનનો થાય એનો વાળ વાંકો નથી કરી શકતું કોઈ.** આપણે દુબળા થઈ ગયા છીએ. મગજથી પાંગળા કરી નાખે છે લોકો આપણને. આ બહુ ગંભીર બાબત છે. ઘણી જગ્યાએ ચલણ ચાલે છે પાછું ! હમણા વચ્ચે વધી પડ્યું હતું. એ તો સારું થયું કે ભુજના સંતોએ ભેગા થઈને હુડ હુડ કરીને કાઢીને મૂકી દીધું. પછી અમારી બાજુ નાંખ્યુ હતું એટલે અમેય કાઢ્યું. જેને હમજણ પડે એને પડતી હશે. પણ વાસ્તવિકતામાં આ ચાલે એવું નથી. ભગવાન સિવાય કોઈનાથી કલ્યાણ નથી. **આપણા જે ઈષ્ટદેવ હોય, તમારા જે ઈષ્ટદેવ હોય એને માનશો તો એ તમારું કલ્યાણ કરશે, મોક્ષ સુધારશે નહી તો આ ચક્ર વ્યુહમાંથી આજ સુધી કોઈ બહાર નીકળ્યું નથી. આ રોગ એવો છે જેનું મલ્ટિપ્લિકેશન (ગુણાકાર-વિસ્તરણ) Fast (ઝડપી) થાય છે. જેમાં Covid ઓછો પડે. Covid સારો, આ ભંગાર. માટે મારી વિનંતી છે કે પહેલાં જેમ બીજી બધી વસ્તુમાં આભડછેડ રાખતા હતા એમ આજે આની આભડછેડ રાખવી. આવા બધાનો પડછાયો લેવો નહી. બહેનોને ખાસ કહેવાનું કે આવી બધી વસ્તુનું ખાસ ધ્યાન રાખવું. ભગવાન પ્રત્યે શ્રધ્ધા અને નિષ્ઠા એ સિવાય બીજી કોઈ વાત આવે નહી.** આજે સંતોએ કથાનું આયોજન કર્યું એમા ભગવાન સિવાય કોઈ વાત આવી નથી. આપણા દેવ એ સર્વોપરી છે. જે જેના ઈષ્ટદેવ હોય એ એના માટે સર્વોપરી છે. પણ આપણને નરનારાયણદેવ મળ્યા છે એનો આનંદ અને ખૂબ ગર્વ રાખવો.

સરસ કાર્યક્રમ થયો. સૌએ લાભ લીધો. દૂર દૂરથી આવ્યા છો. નરનારાયણદેવ આપ સૌનું પરિવાર સહિત મંગળ કરે, નાના મોટા સંકલ્પ પરિપૂર્ણ કરે એવી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

(અનુ. પેજ ૯ નું)

હારેલું બમણું રમે છે તથા છેવટે પોતે પાયમાલ થાય છે તથા સ્વકુટુંબને ભૂખે મારે છે. આવી ભયંકર લત ન જ હોવી જોઈએ.

જુગાર ઉપરાંત મૃગયા, દારૂ, વૃથાભ્રમણ વગેરે અન્ય વ્યસનો પણ છે જે મનુષ્યે છોડી દેવા જોઈએ.

છેવટે આ શ્લોકમાં કહ્યું છે : ભાંગ વગેરે કેફી પદાર્થો ન લેવા. આ પદાર્થો માદક છે, એમનાં સેવનથી ચિત્તભ્રમણ થાય છે, વિવેક બુદ્ધિ નષ્ટ થાય છે, ન કરવાનું કરાય છે, ન બોલવાનું બોલાય છે, ન આચરવાનું આચારાય છે, ન ખાવાનું ખવાય છે અને દરેક રીતે પતનના ગર્તમાં જવાય છે. નારદીય સ્મૃતિ કહે છે -

न भक्ष्यं मादकं किंचित् चितविभ्रमकृत हितन ॥

દ્યૂત વગેરે વ્યસનોની અંદર માદક દ્રવ્ય આવી જાય છે. 'स्त्री द्यूतं मृगया मद्यम्' વગેરેમાં, છતાં અલગ રીતે કહેવાનો અર્થ એમ છે કે, કેટલાક લોકો ભાંગ-દારૂ વગેરે આરોગ્યના નામે કે મોટાઈ બતાવવા અથવા શાક્ત-ધર્માદિને નામે લેવાનું રાખે છે, તેઓ પણ ન લે એટલી સ્પષ્ટતા વધુ થાય. આ માદક દ્રવ્યો આરોગ્યની તો વધુ હાનિ કરે છે જ, સાથે માનસિક અસ્વાસ્થ્ય ઉત્પન્ન કરીને મનુષ્યને છિન્નભિન્ન કરી નાખે છે. ધાર્મિક રીતે કેફી પદાર્થો નિષિદ્ધ છે, પણ એટલું પૂરતું ન હોવાથી રાજ્યે પણ દારૂબંધી કરેલી જ છે. આમ ધર્મ અને રાજ્ય બન્ને રીતે માદક પદાર્થોનું સેવન વર્જ્ય છે. આમ થવાથી પ્રજાનું કલ્યાણ થાય છે અને દુર્વ્યસનોથી દૂર રહેલી પ્રજા પોતાની ઉન્નતિ અને સર્વાંગીણ વિકાસ જલદી સાધી શકે છે. તથા ભૌતિક વિકાસ સાધી આધ્યાત્મિક રીતે પણ ઉન્નત બની શકે છે. આમ આ શ્લોકમાં સમાજના શ્રેયનો માર્ગ છે એ સ્પષ્ટ છે.

# "ભગવાનના ભક્ત છે તે તો ભગવાનના ભજનને વિષે જાગ્યા છે"

- અતુલ પોથીવાલા (મેમનગર-અમદાવાદ)

શિક્ષાપત્રી એ શ્રીહરિનું વાંગ્મય સ્વરૂપ છે તો શ્રીમદ્ ભગવદ્ગીતા એ શ્રીકૃષ્ણ પરમાત્માનું વાણી સ્વરૂપ છે અને વચનામૃતની તો વાત જ નિરાળી છે !

વચનામૃતમાં શ્રીહરિએ ભગવદ્ગીતાનાં અનેક શ્લોકોનો રેફરન્સ લઈને એને સરળ રીતે સમજાવ્યાં છે. અને એ થકી એમણે ધર્મ, જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યનાં સ્વરૂપોનું અતિ ઉત્કર્ષતાપૂર્વક નિરૂપણ કર્યું છે, એ અર્થમાં વચનામૃત શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો અતિ મૂલ્યવાન સંદર્ભ ગ્રંથ **(Reference - Book)** કહી શકાય અને વળી એમાં વિશેષતા તો એ છે કે જ્યારે જ્યારે એનું વાંચન, મનન અને નિદિધ્યાસ કરીએ - એ પ્રત્યેક વખતે એમાંથી કંઈક નવું જ જાણવા મળે છે !

જેમ કે શ્રીમદ્ ભગવદ્ગીતા અધ્યાય બીજો શ્લોક ૬૯ ની વાત કરીએ તો

या निशा सर्वभूतानां तस्यां श्रागर्ति संयमी

यस्थां श्राग्रति भूतानि सानिशा पश्यतो मुने ॥

ગુજરાતી અનુવાદ કરીએ તો

"જે (જ્ઞાનદશા) સર્વ પ્રાણીઓની રાત્રિ છે. તેમાં સંયમી પુરુષ જાગે છે અને જે (ભોગેચ્છા)માં પ્રાણીઓ જાગે છે, તે (પરમાત્માને જોતાં) મુનિ (સંયમી પુરુષ) ની રાત્રિ છે."

શ્રીહરિએ આ જ શ્લોકનો વચનામૃતમાં બે જગ્યાએ ઉલ્લેખ કરેલો છે.

શ્રી ગઢડા પ્રથમ પ્રકરણનાં ૫૦ માં શ્રીહરિ કહે છે : "જે ભગવાનનું ભજન કરવું તેમાં તો જગતનાં જીવની બુદ્ધિ રાત્રિની પેઠે અંધકારે યુક્ત વર્તે છે, કહેતાં ભગવાનનું ભજન કરતાં નથી, અને જે ભગવાનના ભક્ત છે તે તો ભગવાનના ભજનને વિષે જાગ્યા છે, કહેતાં નિરંતર ભગવાનનું ભજન કરતાં થકા વર્તે છે." આજ શ્લોકનો અર્થ શ્રીહરિ આ રીતે પણ સમજાવે છે.

"શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ અને ગંધ એ જે પંચવિષય તેને વિષે જીવમાત્રની બુદ્ધિ જાગ્રત વર્તે છે. કહેતાં એ વિષયને ભોગવતા થકા જ વર્તે છે, અને જે ભગવાનના ભક્ત છે તેની બુદ્ધિ તો તે વિષયભોગને વિષે અંધકારે યુક્ત વર્તે છે, કહેતાં તે વિષયને ભોગવતા નથી.

અને આ પ્રમાણે જે પોતાના કલ્યાણને અર્થે સાવધાનપૂર્વક વર્તે છે તેને જ શ્રીહરિએ કુશાગ્ર બુદ્ધિવાળા કહ્યાં છે.

શ્રી ગીતાનાં આ જ શ્લોકને ગઢડા મધ્ય પ્રકરણ ૨૦ માં પણ ટાંકીને સભામાં સમજાવે છે. તેઓ કહે છે :

"જેને વિષે ભૂતપ્રાણીમાત્ર સૂતા છે તેને વિષે (ભગવાનનાં સ્વરૂપની તલ્લીનતા વાળી જ્ઞાનદશા) સંયમી પુરુષ (ભગવાનના ભક્ત) જાગ્યા છે, અને જેને વિષે (વિષય ભોગની લાલસા) ભૂતપ્રાણીમાત્ર જાગ્યા છે તેની કોરે સંયમીપુરુષ (ભગવાનના ભક્ત) સૂતા છે."

અને કદાચ તેથી જ "ભગવાનનાં સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ કઠણ અને મોટું સાધન શ્રીહરિએ બીજું કોઈ નથી એમ કહ્યું છે. (ગ.પ્ર.પ્ર.૧)

આશ્ચર્યપૂર્વકની વાતતો એ છે કે પ્રથમનાં જ વચનામૃતમાં આ કઠણ સાધનની વાત કરી છે અને પછીનાં બધાં જ ૨૭૨ વચનામૃતોમાં - ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ કેમ કરીને રહે અને એ માટે ભગવાનના ભક્તને શું શું કરવું - એની જ વાતો એક યા બીજી રીતે સમજાવી છે ! અને ભગવાનનાં સ્વરૂપમાં મનની અખંડવૃત્તિ વાળી જ્ઞાનદશા જે હરિભક્ત ને પ્રાપ્ત થઈ જાય પછી તેને કાંઈ કરવું રહ્યું નથી - એ પછી એ અંદરદષ્ટિ કરીને વર્તતો હોય કે બાહ્યદષ્ટિ કરીને - એને માત્ર ને માત્ર શ્રીહરિનાં સ્વરૂપનું (નામ સ્મરણ) સ્મરણ સહેજે સહેજે રહે છે.

વચનામૃત કહો કે ગીતા - એ બન્નેની ફળશ્રુતિ તો એ જ છે કે કેમ કરીને ભગવાનના ભક્ત થવાય અને ભગવાનના ભક્ત થયા પછી શ્રીહરિ સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવાનો મનન-નિદિધ્યાસ કેમ કરીને થાય.

ગીતાની અધ્યાત્મવાતો સમજવી થોડી કઠણ છે કેમ કે એમાં શ્રીકૃષ્ણ પરમાત્માએ અર્જુનનો શોક દૂર કરવા ઉપદેશાત્મક વાતો કરી છે.

જ્યારે શ્રીહરિ કથિત વચનામૃતમાં તો "તમે અમારા થો એટલે જે જાણીએ એ કહીએ જ" એમ આપણ સર્વને શ્રીહરિએ પહેલો પોતાનો કર્યા છે અને પછી જ નાની મોટી સભાઓ યોજીને જ્ઞાનવાર્તાઓને સરળભાષામાં દાખલા, ઉદાહરણ, ગીતાના શ્લોકો, તુલસીકૃત રામાયણની ચોપાઈઓ આદિક ટાંકીને અધ્યાત્મતાને અત્યંત સરળ કરીને પીરસી છે.

વચનામૃતનો અભ્યાસ જો નિરંતર રાખીએ તો શ્રીહરિના સ્વરૂપમાં મનની અખંડવૃત્તિ (શ્રી હરિનામ સ્મરણ) સહેજે સહેજે રહે એવો એ સુંદર અને પવિત્ર ગ્રંથ છે.

# આપણા હરિ મંદિરો તથા પ્રસાદી સ્થાનો (પોર વાવોલ દેશ)

## શ્રી સ્વામિનારાયણ મંદિર, વાવોલ



- બિપીન એમ. પટેલ (કાળીગામ-ગાંધીનગર)

ગાંધીનગરથી માત્ર પાંચ કિલોમીટરના અંતરે આવેલ પોર-વાવોલ દેશમાં આવેલ વાવોલ ગામના શ્રી સ્વામિનારાયણ મંદિરના દર્શન અને તેનો ઈતિહાસ જાણીએ.

વાવોલ ગામ શ્રી નરનારાયણ દેવ આશ્રિત અને સમર્પિત સત્સંગને વરેલું ગામ છે. ગામમાં આંટો અને તરપોજ બે પટેલોના વિભાગ છે. ગામમાં પ્રવેશતા સુંદર રમણીય તળાવ આવેલ છે. પટેલ વાસમાં પ્રવેશતા નારાયણેશ્વર મહાદેવનું સુંદર મંદિર આવેલું છે. ત્યાંથી આગળ વધતા નરનારાયણ દેવ દેશ તાબાનું શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) આવેલું છે.

સાથે તેની સામેજ નવ્ય-ભવ્ય ભાઈઓનું શ્રી સ્વામિનારાયણ મંદિર આવેલું છે. આ મંદિર માટે જમીનનું દાન શ્રી મહાશંકર ગોર (નાગર બ્રાહ્મણ) પરિવારે કર્યું હતું. સદર જમીન ઉપર મંદિર નિર્માણનો પ્રથમ જીર્ણોધ્ધાર વિ.સં.૧૯૫૧, ઈ.સ. ૧૮૯૬માં કરવામાં આવેલ. અને તેની મૂર્તિ પ્રતિષ્ઠા ઈ.સ. ૧૯૮૪ માં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી.

દશગામ ગોળની રચના કરનાર સદ્ગુરુ મહાનુભાવાનંદ સ્વામી આ ગામમાં નિયમિત સત્સંગ કરાવવા આવતા હતા. તેઓના અથાગ પ્રયત્નોથી શ્રી સ્વામિનારાયણ મંદિરનું બાંધકામ થયેલ અને સત્સંગ સમાજને આ મંદિર પ્રાપ્ત થયુ હતું. ત્યાર બાદ અ.નિ. હરિજીવનદાસજી સ્વામીએ સત્સંગનું પોષણ કરી મંદિરનો પુનઃ જીર્ણોધ્ધાર કરાવ્યો હતો.

મંદિરના બાંધકામને ૧૦૫ વર્ષ પૂર્ણ થતા સ.ગુ.શા.સ્વામી નારાયણવલ્લભદાસજી (પૂર્વ મહંતશ્રી જેતલપુર)ની પ્રેરણાથી પુનઃ જીર્ણોધ્ધાર કરવામાં આવ્યો હતો. મંદિરમાં પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વિ.સં.૨૦૫૬ ના મહાવદી ૫ ને ગુરુવાર તા. ૨૪-૦૨-૨૦૦૦ ના રોજ કરવામાં આવી હતી.

શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) ના બાંધકામ માટે સ.ગુ. શા. સ્વામી વિશ્વપ્રકાશદાસજી સ્વામી (વડનગર) અને કાંકરિયા મહંતશ્રી શા. સ્વામી અભિષેકપ્રસાદદાસજી સ્વામીએ ખૂબજ મહેનત કરી હતી. બહેનોના સત્સંગનું પોષણ સાંખ્યયોગી માતાઓ અ.નિ. સૂરજબા તથા અ.નિ. ઝવેરબાએ ખૂબજ સુંદર રીતે કર્યું હતું.

વાવોલ મંદિરનો રજત જયંતી મહોત્સવ તા. ૨૪-૦૨-૨૦૨૫ ના રોજ પ.પૂ.ધ.ધૂ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં ભવ્યતાથી ઉજવાયો હતો. આ પ્રસંગે અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી આદિ ધામોધામથી સંતો પધાર્યા હતા.

દંઢાવ્ય દેશ અને વિશેષ કરીને પોર-વાવોલ દેશના સત્સંગ વિકાસ, મંદિર નિર્માણના કાર્યો પણ સ.ગુ.શા.સ્વામી નારાયણવલ્લભદાસજી સુપેરે કરી રહ્યા છે.

મંદિરના રજત જયંતી મહોત્સવમાં પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રી પણ બહેનોને દર્શન આશીર્વાદ આપવા પધાર્યા હતા. વાવોલ ગામનો સમાવેશ ગાંધીનગર મ્યુનિસિપાલીટીમાં થયો હોવાથી ગામનો વિકાસ પણ ખૂબજ સુંદર રીતે થઈ રહ્યો છે. પોર-વાવોલ દેશના શ્રી સ્વામિનારાયણ મંદિર, વાવોલના દર્શનનો લાભ અવશ્ય લેવા જેવો છે.

શ્રી
સ્વામિનારાયણ
મ્યુઝિયમ

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

### સર્વે હરિભક્તોની સગવડતા માટે તથા
### પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકૂળનાં સંકલ્પથી હવેથી
### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો નવો સ્થાપના દિન
### દર વર્ષે તા ૨૯ માર્ચના દિવસે ઉજવાશે.






શ્રી સ્વામિનારાયણ ભગવાન અમદાવાદના વસવાટ દરમ્યાન રંગમહોલમાં નિવાસ કરતા અને ત્યાં પાણી પીવા માટે આ ‘‘બદના’’ નો ઉપયોગ કરતા તેથી પ્રસાદીનો છે. હાલમાં પુરાણી સ્વામી નારાયણચરણદાસજી ગુરૂ જગતપાવનદાસજી સ્વામીએ પ.પૂ. મોટા મહારાજશ્રીને મ્યુઝિયમમા દર્શનાર્થે મુકવા અર્પણ કરેલ અને તે ૪ નંબરના હોલમાં રંગમહોલવાળા વિભાગમાં મૂકવામાં આવેલ છે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ અભિષેકની યાદી-મે-૨૦૨૫

| | |
|---|---|
| તા. ૧૭-૦૫-૨૦૨૫ | પ.ભ. રૂપલબેન યોગેશભાઈ શાહ - નડિયાદ |
| તા. ૧૮-૦૫-૨૦૨૫ | પ.ભ. મંગળદાસ દ્વારકાદાસ પટેલ પરિવાર - હિરાવાડી-બાપુનગર. |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

www.swaminarayanmuseum.in • email: swaminarayanmuseum@gmail.com



# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી**
**એકાદશી સત્સંગ-સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી)**
**"જીવનની સાર્થકતા ભગવદ્ પ્રાપ્તિમાં છે"**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

જીવ એક આધ્યાત્મિક યાત્રા ઉપર છે. યાત્રા પુરી થઈ નથી. આધ્યાત્મિક યાત્રા એટલે શું ? આધ્યાત્મ એટલે **આત્મા તરફ પ્રયાણ શરીરને સાચું માનવાની ભ્રમણા દૂર કરીને આત્માની સત્યતા અને અવિનાશીતા તરફ પ્રયાણ.** જ્યારે જીવ આ જગતની વસ્તુઓના ભ્રામક સ્વરૂપને સમજીને તેની વ્યર્થતાને ઓળખે છે, ત્યારે સાચી દિશા પકડાય છે. આ રસ્તા ઉપર ચાલીને જ પરમતત્વની પ્રાપ્તિ થાય છે. અધ્યાત્મ એક અનંત યાત્રા છે. આપણે બધા પણ યાત્રામાં જ છીએ. આ જગતમાં તમે પ્રવાસ ઉપર જાઓ છો, યાત્રાઓ કરો છો તો સૌથી પહેલા સ્થાન, લક્ષ્ય નક્કી કરો છો કે ક્યાં જવું છે. પછી સાધન નક્કી કરો છો પછી યાત્રાની તૈયારી કરીને યાત્રા શરૂ કરો છો. એવી જ રીતે અધ્યાત્મ જગતમાં આધ્યાત્મિક યાત્રા માટે પહેલા લક્ષ્ય નક્કી કરવું પડે છે. એ લક્ષ્યને **'સાધ્ય'** કહેવાય છે. આપણે **'સાધક'** કહેવાઈએ છીએ અને સાધ્ય સુધી પહોંચવા માટે જે ઉપાયો કરીએ છીએ, જે પધ્ધતિનું અનુસરણ કરીએ છીએ તેને **'સાધના'** કહેવાય. સાધના અલગ-અલગ પ્રકારની હોઈ શકે છે. **'સાધ્ય'** એક છે પણ સાધના વિવિધ પ્રકારની હોય છે. જેમ કે, આપણે બધા અહિંયા મંદિર આવ્યા છીએ, આપણા બધાનું લક્ષ્ય એક જ હતું, **'મંદિર'** પણ આવવાનું સાધનો જુદાં જુદાં હતા. કોઈ ગાડી, કોઈ રીક્ષા, કોઈ સ્કુટી, કોઈ ચાલતા પણ છેલ્લે પહોંચ્યા મંદિર જ. એવી જ રીતે સાધકની સાધના પણ અલગ પ્રકારની હોય છે. સાધકોની રુચિ, પ્રકૃતિ અને દેશકાળ આદિ પરિબળો સાધનાના સ્વરૂપને નિર્ધારિત કરે છે. સાધનાને દેશકાળ કેવી રીતે લાગુ પડે છે. એ જોઈએ, ધારો કે કોઈને એવું નિયમ લેવું, હોય કે મારે રોજ કાળુપુર નરનારાયણદેવના પ્રત્યક્ષ દર્શન કરીને પાણી પીવું, તો અહિંયા અમદાવાદના લોકો માટે બરાબર છે. પરંતુ લંડન કે અમેરિકાવાળા લોકો આવુ વિચારે તો નિયમ પુરુ ના કરી શકે. કેમ કે રોજ કાલુપુર ન આવી શકે ત્યાં દેશકાળ લાગુ પડે. અમુક સાધના **'ભાવપ્રધાન'** હોય છે. અમુક સાધના **'બુદ્ધિપ્રધાન'** હોય છે. અને અમુક સાધના **'પ્રાણ પ્રધાન'** હોય છે. ભાવપ્રધાન એટલે પ્રેમને પ્રાધાન્ય આપે છે. પોતાના ઈષ્ટદેવ સાથે પ્રેમની પ્રધાનતા રાખે છે. કોઈને ભગવાન સાથે પુત્રનો ભાવ હોય છે. કોઈને પિતાનો ભાવ હોય છે. કોઈને સખાભાવ હોય છે. કોઈ ગોપીભાવે ભક્તિ કરતા હોય છે. બુદ્ધિપ્રધાન એટલે જ્ઞાન થકી સત્શાસ્ત્રોનું વાંચન કરીને, વિવેક રાખીને, સત્-અસત્ની સમજણ રાખીને ચિંતન મનન દ્વારા ભગવાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. પ્રાણપ્રધાન એટલે 'પ્રાણાયામ' અને 'યોગ' દ્વારા ચિત્તવૃત્તિનો નિરોધ, સમાધિ એ બધી રીત અપનાવીને માણસ આત્મસાક્ષાત્કાર પામે છે. આવી રીતે સાધનોની વિવિધતા હોય છે. અમુક લોકો એવા હોય છે કે જે 'યોગમાર્ગ', 'જ્ઞાનમાર્ગ' અને 'ભક્તિમાર્ગ' એ ત્રણેયમાંથી સાર ગ્રહણ કરી એક સમન્વયકારી માર્ગ બનાવી લે છે. રુચિ પ્રમાણે થોડુ સારુ સારુ, ગ્રહણ કરે, બુદ્ધિ પ્રમાણે શક્તિ પ્રમાણે વચ્ચેનો રસ્તો કાઢી એ માર્ગ પર ચાલે છે. યોગમાર્ગમાં જો'તપ' ના કરી શકે 'અષ્ટાંગયોગ' ના કરી શકે તો સામાન્ય રીતે યોગાભ્યાસ કરીને શ્વાસની ગતિ નિયમિત કરી પ્રાણાયામ દ્વારા મનને શાંત કરી, શાંત મનથી શાસ્ત્ર વાંચન કરે છે. ભગવાનનો મહિમા સમજે અને ભક્તિ કરે છે. મુખ્ય તો મન શાંત થાય એ જરૂરી છે. શાંત મન દ્વારા શાસ્ત્ર વાંચન કરે એ અંદર ઉતરશે પછી ભગવાનનો મહિમા સમજાશે. આ રીતે પરમાત્મા પ્રાપ્તિના સાધન છે.

આધ્યાત્મિક માર્ગના પગથિયાં ચડતા પહેલા બુદ્ધિયોગ બહુ આવશ્યક છે. બુદ્ધિમાં જ્યારે મંગલમય સંકલ્પો આવે ત્યારે બુદ્ધિયોગ કહેવાય. એ યાત્રા શરૂ થાય ત્યારે બુદ્ધિ દ્વારા સારા સારા સંકલ્પો આવે ત્યારે મંગલમય સંકલ્પો દ્વારા સત્યની સમજણ આવે છે. સત્સંકલ્પ થાય ત્યારે પણ બહુ ધ્યાન રાખવું પડે છે. ઘેરથી મંદિર આવવા માટે નીકળ્યા હોઈએ નક્કી કરીને કે મારે મંદિરમાં ભગવાનને થાળ કરાવવો છે. અને રસ્તામાં જોયું તો ભૂખ્યા છોકરા રડે છે. તો આ પૈસાનો થાળ કરાવુ એમ પણ મનમાં છે અને છોકરાને જમાડવાનું મન પણ થાય છે. અને ખરેખર ભૂખ્યા છે એવી ખબર પડે તો શું કરશો ? **પહેલા જમાડવાનું. ભૂખ્યાને મુકીને ભગવાનને થાળ કરશો તો એવો થાળ ભગવાન જમશે નહિ એમ સંકલ્પમાં પણ સજાગ રહેવું પડે છે.** અનેક જન્મોથી ચકડોળે ચઢેલો માનવી જ્યારે થાકે છે ત્યારે વિચારો આવે છે કે મારા જન્મનો હેતુ શું છે ? હું કોણ છું ? મારા જીવનની સાર્થકતા શું છે ? જ્યારે આવા બધા વિચારો આવે ત્યારે **પૂર્વના પુણ્યે અને સત્સંગના પ્રતાપે જવાબ મળે છે કે જીવનની સાર્થકતા ભગવદ્ પ્રાપ્તિમાં છે. જે જીવ ભાગ્યશાળી હોય છે તેને જ આવો વિચાર આવે છે. 'સત્સંકલ્પ', 'પુણ્ય' અને 'સત્સંગ' ત્રણેયનો સમન્વય થાય છે ત્યારે આવો જવાબ મળે છે.** પછી બુદ્ધિમાં દંઢ નિશ્ચય કરીને ચિત્તને ભગવાન તરફ વાળી દે છે. જીવ દંઢ સંકલ્પ કરે છે પછી જે સાધન કરશે એ બધા ભગવાન પ્રાપ્તિ માટે જ થશે. દંઢ નિશ્ચયથી પરિવર્તન થઈ જાય છે. આવી રીતે સંકલ્પ દંઢ થાય ત્યારે બુદ્ધિ પણ દંઢ નિશ્ચયવાળી થઈ જાય છે.



ભાયલા (ધોળકા પ્રદેશ) નૂતન મંદિરમા મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા કરતા
પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



ભાયલા મોગલધામ મંદિરમાં માં મોગલની આરતી ઉતારતા
પ.પૂ. આચાર્ય મહારાજશ્રી





ભુજ મંદિરના ૨૦૨મા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા તથા ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી







માણસા મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારતા તથા સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી





ધોળકા મંદિરના ૧૯૮ મા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારતા તથા સભામાં ગુજરાતના પૂર્વ મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ ચુડાસમાનું અભિવાદન કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી







બોપલ મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારતા તથા સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



વિસનગર નૂતન મંદિરનું ભૂમિપૂજન કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



બાપુપુરા મંદિરમાં સમૈયાના ઉપલક્ષમાં બાળકોની ક્રિકેટ ટીમ





મીઠાખળી મંદિરના ૬૬ા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીના અન્નકૂટ દર્શન તથા કથા કરતા સંતો





નવાવાડજ મંદિરમાં સમૈયા પ્રસંગે શિક્ષાપત્રી સભા

# સમૈયાના ઉપલક્ષમાં સત્સંગ સભાઓ





ગાંધીનગર





મોટેરા





ધમાસણા





ન્યુ નિકોલ





શિલજ





પેથાપુર





બાપુનગર



સમૈયાના ઉપલક્ષમાં વિવિધ વસ્તુઓનું સાબલવાડ (ઈડર પ્રદેશ)માં વિતરણ કરતા હરિભક્ત







છપૈયા, વડનગર અને કાંકરિયા મંદિરમાં ચંદનના વાઘાના દર્શન





ગાંધીનગર (સેક્ટર-૨૩) મંદિરમાં સમૈયાના ઉપલક્ષમાં સભામાં ધૂન કીર્તન કરતા હરિભક્તો



પ.પૂ.મહારાજશ્રીની આજ્ઞાથી આપણો સંપ્રદાય હંમેશા સમાજના ઉત્કર્ષના કાર્યો માટે તત્પર રહે છે. હાલમાં સાબરમતી નદી સફાઈ અભિયાનમાં આપણા કાલુપુર મંદિરથી મોટી સંખ્યમાં યુવક યુવતીઓએ ભાગ લીધો હતો.




## સંપ્રદાયનું ગૌરવ

આપણા ન્યુઝીલેન્ડ મંદિરના પાયાના પથ્થર ગણી શકાય તેવા પ.ભ. ડો. કાંતિભાઈ પટેલના ધર્મપત્ની રંજના બેનને હાલમાં બ્રિટિશર્સ અને ન્યુઝીલેન્ડના ગવર્નર દ્વારા ત્યાનું સર્વોચ્ચ સન્માન ''ડેમ'' થી સન્માનવામાં આવ્યા હતા. આ સન્માન તેમને ત્યાંની કોમ્યુનિટિમાં વર્ષોથી સરાહનીય સેવા કરવા બદલ પ્રાપ્ત થયું છે. પ.પૂ.ગાદીવાળાશ્રી તથા સમગ્ર ધર્મકુળે તેમને અંતરના આશીર્વાદ પાઠવ્યા છે.

એવી દૃઢ નિશ્ચયાત્મક બુદ્ધિ જ્યારે થાય છે ત્યારે એને જ બુદ્ધિયોગ કહેવાય છે. બુદ્ધિયોગના લક્ષણો શું હોય છે. બ્રહ્માંડ તુટી જાય તો પણ સંકલ્પમાં ડગમગાટ ના થાય એવો નિશ્ચય હોવો જોઈએ. ગંગાસતીનું ભજન છે ને,

**મેરૂ તો ડગે પણ જેના મનડા ડગે નહિ... પાનબાઈ**
**ભાંગી રે પડે રે બ્રહ્માંડ...... મેરૂ....**
**વિપત્ત પડે તોયે વણશે નહિ ને રે**
**હોય હરિજનના પ્રમાણ...... મેરૂ....**
**હરખને શોકની જેને આવે નહિ હેડકી....રે**
**આઠેય પ્રહર આનંદ રે ........ મેરૂ.....**

અર્થાત્ ગમે તેવા સંજોગોમાં બુદ્ધિ વિચલિત થતી નથી. હર્ષ-શોકમાં સમબુદ્ધિ રહે છે. અને આઠેય પહોર આનંદમાં હોય છે. સત્સંગના યોગમાં જ નિરંતર રહે છે. સત્‌માર્ગ સિવાય અન્ય કોઈ સંકલ્પ-વિકલ્પ મગજમાં આવતા જ નથી. દૃઢ નિશ્ચય થાય છે પછી જગત સંબંધી કોઈ સંકલ્પ રહેતા જ નથી. **આવો દૃઢ નિશ્ચય બુદ્ધિમાં થાય છે ત્યારે માણસ સક્ષમ થાય છે. અને આધ્યાત્મિક માર્ગમાં સફળતા મળે છે.** પુરી તૈયારી રાખવી પડે. આપણે બહાર ગામ જઈએ છીએ તો કેટલી તૈયારી કરીને જઈએ છીએ. આરામદાયક હોય તેવા રસ્તેથી જઈએ છીએ. રસ્તામાં કાંઈ તકલીફ ના પડે એના માટે વ્યવસ્થા કરવી પડે છે. જો બરાબર તૈયારી ના હોય તો અમુક વ્યવસ્થા કરવા રસ્તામાં રોકાવું પડે તો એક કલાકમાં પહોંચવાના હોય તેના બદલે ત્રણ-ચાર કલાક થઈ જાય છે. એવી જ રીતે ભગવદ્‌પ્રાપ્તિની આ યાત્રામાં જો પહેલાથી પૂર્ણ તૈયારી નહિ રાખીશું તો ચાલતા ચાલતા કાંઈક ઓછપ લાગશે કે આ તો બાકી જ રહી ગયું. તો એને પુરુ કરવા પાછું આવવું પડશે. અને સાધ્યને પ્રાપ્ત કરવા લક્ષ્ય સુધી પહોંચવામાં વારંવાર જન્મ લેવો પડશે. એટલે **એવી તૈયારી કરી લો કે આ જ જન્મ છેલ્લો જન્મ થઈ જાય. એવા સાધનો કરી લો કે પછી કાંઈ બાકી જ ના રહે.**

**જે સાધનથી પરમાત્મા પ્રાપ્તિ થાય એ આધ્યાત્મિક સાધન છે. જે પામ્યા પછી કશું પામવાનું બાકી ન રહે, એ આધ્યાત્મિક પ્રાપ્તિ છે. જ્યાં પહોંચ્યા પછી ક્યાંય જવાનું બાકી ન રહે, એ આધ્યાત્મિક અને અંતિમ લક્ષ્ય છે.**

બસ ઈમાનદારીથી પ્રયત્ન ચાલુ રાખો. એક દિવસ બધા સંકલ્પો પૂર્ણ થશે. શરત એટલી જ છે ૧૦૦% શરણાગતિ અને દૃઢ નિશ્ચયાત્મક બુદ્ધિ.

●

### કામનાઓ અનુસાર જુદાં જુદાં દેવતાઓની ઉપાસના તથા ભગવદ્‌ભક્તિ શ્રેષ્ઠતાનું નિરૂપણ

- ભાવસાર પલ્લવીબેન વિજયભાઈ (લાંઘણજ)

શૌનકે કહ્યું :- હે સૂતજી ! રાજા પરિક્ષિતે શુકદેવજીની આ વાત સાંભળી તેમણે બીજું શું પૂછ્યું ? શુકદેવજી તો સર્વજ્ઞ હોવાથી સાથે મધુર વર્ણન કરવામાં પણ નિપુણ છે. હે સૂતજી ! આપ તો સર્વે કંઈ જાણો છો. અમે તેમની એ કથા ખૂબ પ્રેમથી સાંભળવા માગીએ છીએ. તો આપ કૃપા કરી અમને તે સંભળાવો. સત્યપુરુષોની સભામાં ભગવાનનાં ચરિત્રોથી ભરેલી કથાઓ જરૂર થાય છે.... પાણુવંદન મહારથી રાજા પરિક્ષિત મહાન ભગવદ્‌ભક્ત હતો. બાલ્યાવસ્થામાં રમકડાં વડે રમવામાં પણ તે ભગવાન કૃષ્ણની લીલાઓની રમતો રમતો હતો. ભગવત્સ્વરૂપ શુકદેવજી પણ જન્મથીજ ભગવત્પરાયણ છે. આ સંતોના સમાગમમાં ભગવાનના મંગલમય ગુણોની ચર્ચા જરૂર થઈ હશે, જે મનુષ્યો ભગવાનની ગુણ કથાઓમાં સમય વિતાવતા નથી તેમનું વ્યર્થ આયુષ્ય આ સૂર્ય નિત્ય ઉદય અને અસ્ત પામવા વડે છીનવી રહ્યો છે. શું વૃક્ષો જીવતા નથી. શું લુહારની ધમણ શ્વાસ લેતી નથી. વળી ગામોમાં પાળવામાં આવતા પશુઓ શું ખાતા પીતા કે મૈથુન કરતા નથી પણ મનુષ્ય શરીરમાં જન્મવા છતાં પણ જેમના શ્રવણ માર્ગમાં સાંભળવામાં ભગવાન શ્રીકૃષ્ણની લીલા કથાઓ આવી નથી. તેમને પશુ, કૂતરા, ભૂંડ, ઉંટ અને ગધેડાનાં જેવા જ પશુ કહેલા છે......

હે સુતજી ! જે મનુષ્યો કદી ભગવાન શ્રીકૃષ્ણની કથાઓ સાંભળતા નથી તેમના કાન દર (બાકોરા) જેવા છે. ભગવાનની લીલાઓનું ગાન ન કરવાથી જીભ દેડકાની જીભ જેવી છે. એવી જીભ તો ન હોય તે જ સારી. જે મસ્તક કદી ભગવાન શ્રીકૃષ્ણોના ચરણોમાં નમતું નથી તે પાઘડી અથવા મુકુટ પહેરેલું હોય તો ભારરૂપ જ છે. જે હાથ ભગવાનની સેવા પૂજા નથી કરતા તે સોનાનાં કંકણોથી શોભતા હોય તો પણ મડદાના હાથ જેવા જ છે. જે આંખો ભગવાનની યાદ અપાવનારા દૃશ્યો પ્રતિમાઓ, તીર્થો, નદીઓ વગેરેના દર્શન નથી કરતી તે મોરનાં પીંછા પર આંખના જેવા ચિહ્નો હોય છે તેના જેવી નિરર્થક જ છે. તેમજ જે પગ ભગવાનનાં ક્ષેત્રોમાં ચાલતા નથી તે ઝાડનાં મૂળિયા જેવા છે.

જે મનુષ્ય કદી ભગવદ્ ભક્તની ચરણજ પ્રાપ્ત કરતો નથી તે જીવતો છતાં મડદા તુલ્ય છે. જે મનુષ્યે ભગવાનનાં ચરણો પર ચડેલી તુલસીની સુગંધ કદી લીધી નથી તે શ્વાસ લેતો છતાં મડદું જ છે.

હે સૂતજી ! જે હૃદય ભગવાનના મંગલમય નામોનું શ્રવણ કીર્તન કરવાં છતાં પણ પીગળીને તેમના તરફ વહેવા લાગતું નથી તે હૃદય નથી પણ કઠોર પત્થર છે. જ્યારે હૃદય પીગળી જાય છે ત્યારે નેત્રોમાં આંસુ છલકાવા લાગે છે. અને શરીરના રોમેરોમ ખીલી ઉઠે છે.

હે પ્રિય સૂતજી ! આપની વાણી અમારા હૃદયને મધુરતાથી ભરી દે છે. તેથી આપ ભગવાનનાં પરમ ભક્ત અને આત્મવિદ્યાવિશારદ શુકદેવજીને પરીક્ષિતે જે જે ઉત્તમ પ્રશ્નો પૂછ્યા અને તેના ઉત્તરમાં શુકદેવજીએ રાજાને જે કંઈ કહ્યું તે કૃપા કરીને અમને સંભળાવો.

●

### સતી મંદોદરી

- ઠક્કર વીણાબેન નરેન્દ્રભાઈ (બોપલ)

હિંદુ મહાકાવ્ય મુજબ આ સંસારમાં પાંચ પવિત્ર સતી માનવામાં આવે છે, અહલ્યા, દ્રૌપદી, તારા, કુંતી અને મંદોદરી.

આ પાંચ નારી વિવાહિત હોવા છતાં કન્યા સમાન પવિત્ર માનવામાં આવે છે. હરરોજ તેમના નામ લેવાથી પાપ બળી જાય છે. મંદોદરી, અહલ્યા, તારા, રામાયણના પાત્રો છે. દ્રૌપદી, કુંતી મહાભારતના પાત્રો છે.

હિન્દુ પૌરાણિક ગ્રંથ અનુસાર મંદોદરી 'મધુરા' નામની સ્વર્ગની અપ્સરા હતી. જે ભગવાન શિવને પ્રેમ કરતી હતી. એકવાર મધુરા શિવજી ને મળવા કૈલાસ પર્વત જાય છે. શિવજી ધ્યાનસ્થ સ્થિતિમાં એકલાજ હતા. મધુરીએ શિવજીને પોતાના તરફ આકર્ષવા - પ્રસન્ન કરવા નાચગાન કરવા લાગી. તે જ સમયે મા પાર્વતી ત્યાં આવી ગયા. મધુરાને નાચતી જોઈને ક્રોધિત થઈ શાપ આપ્યો, ''જા તું બાર વર્ષ માટે દેડકી બની જા!'' મધુરાએ માફી માંગી. શિવજીએ પણ વિનંતી કરી. પરિણામે મા પાર્વતીએ કહ્યું ''તું એક કૂવામાં બાર વર્ષ તપસ્યા કરીશ પછી જ શાપમુક્ત થઈ પાછી અસલરૂપમાં આવી જઈશ!''

કશ્યપ ઋષિ અને દિતિનો પુત્ર માયાસુર તેની પત્ની હેમા સંતાન પ્રાપ્તિ માટે શિવજીની આરાધના કરતા હતા ત્યારે 'મને બહાર કાઢો' એવો અવાજ સંભળાયો. માયાસુરે મધુરાને બહાર કાઢી. (કૂવામાંથી) પછી શિવજીએ આ કન્યા આપણને ભેટરૂપે મળી છે તેમ જાણી તેનું નામ 'મંદોદરી' રાખ્યું.

માયાસુર કોઈપણ જગ્યાએ ભવન - મહેલ, મકાન, ઈમારત બનાવી શકતા તેથી તે રાક્ષસોના 'વિશ્વકર્મા' કહેવાતા.

એકવાર રાવણ માયાસુરને મળવા રાજસ્થાનના મંડોર નગરમાં આવે છે ત્યાં તેની નજર મંદોદરી પર પડે છે. મંદોદરીની સુંદરતા જોઈ રાવણ માયાસુર પાસે મંદોદરી સાથે લગ્ન કરવાની માંગણી કરે છે. રાજસ્થાનના મંડોર શહેરમાં રેલ્વે સ્ટેશન પાસે એક જગ્યા છે ત્યાં રાવણ-મંદોદરીના વિવાહ થયા હોવાનું માનવામાં આવે છે. રાવણને બીજી ઘણી પત્નીઓ હતી પણ સુંદરતા જોઈને મંદોદરીને લંકાની 'મહારાણી' બનાવી હતી. મંદોદરી પતિવ્રતા નારી હતી. મંદોદરીને રાવણ થકી મેઘનાદ અને અક્ષયકુમાર બે પુત્રો થયા હતા.

રાવણે સખત તપ કરી બ્રહ્માજી પાસે સુર અસુર મારી શકે નહી તેવું વરદાન માંગ્યું હતું. બ્રહ્માજીએ પ્રસન્ન થઈને વરદાનની સાથે એક તીર આપ્યું હતું જે તીર રાવણની નાભિમાં વાગે તો જ તેનું મૃત્યુ થાય. રાવણે આ તીર પોતાના સિંહાસનના થાંભલામાં બખોલ કરી જડી દીધું હતું તે વાત માત્ર મંદોદરી જ જાણતી હતી.

હનુમાનજી સીતાની શોધમાં લંકા જાય છે ત્યારે રામભક્ત વિભિષણ સાથે વાત કરતા હનુમાનજી વિભીષણને રાવણના મોતનું રહસ્ય પૂછે છે. વિભીષણ તીર વિશે જણાવે છે. હનુમાનજી મંદોદરીને વિશ્વાસમાં લઈ બાણ ક્યાં સંતાડ્યું છે તેની માહિતી મેળવી - બાણ પ્રાપ્ત કરી રામપ્રભુને આપે છે. રામ-રાવણના યુધ્ધમાં શ્રીરામે તે જ બાણથી રાવણને હણ્યો હતો.

જ્યારે રાવણે સીતામાતાનું હરણ કર્યું ત્યારે પણ મંદોદરી રાવણને કહે છે કે ''સીતાજી તો એક પતિવ્રતા નારી છે તેને રામજીને સોંપી દો નહિતર લંકાનો વિનાશ થશે!''

શ્રીરામ પ્રભુએ રાવણના મૃત્યુ બાદ લંકાનું રાજ્ય રાવણના નાના ભાઈ જે સત્ય, કર્તવ્ય નિષ્ઠ, નીતિવાન, શ્રી રામ ભક્ત વિભીષણને સોંપ્યું. વિભીષણ લંકાનું રાજ્ય ખૂબજ સારી રીતે ચલાવતા હતા. લંકાના લોકો પણ ખૂબ ખૂબ રાજી થઈને અને શ્રી રામપ્રભુનો આભાર માને છે.

ત્રેતાયુગની 'લંકાની મહારાણી' ધાર્મિક, સમર્પણ ભાવી, વિદૂષી, કર્તવ્ય પાલન અપ્સરાની દીકરી, કન્યા સમાન પવિત્ર મંદોદરીને માટે જ સતી માનવામાં આવે છે.

આ છે ભારતની નારી રત્ન!

●

### ધ્રુવ વન

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ)

મહાદેવજીની તથા ગંગાજીની સેવા સ્વીકારી અને સેવાનો લાભ આપી વર્ણીરાજ આગળ ચાલ્યા છે. ફળફૂલથી લચી પડેલાં વનમાં વનરાજીની સુંદર શોભા જોતાં-જોતાં અનંત જીવોના ઉદ્ધારક શ્રીહરિ ચાલ્યા જાય છે. આ વનમાં ઋષિ મુનિઓની રહેવાની ગુફાઓ છે. ઋષિમુનિઓ તપ કરે છે. ઋષિઓને સેવવા યોગ્ય આ વન છે. જેમાં સફરજન, આંબાના, કેળનાં, ઝાડો છે. જે ફળોથી શોભી રહ્યા છે. વનપશુઓ પણ શ્રીહરિનાં દર્શન કરવા આવી રહ્યા છે. અને તેઓ પણ ત્યાં વિચરે છે અને શ્રીહરિને નમન કરતાં ચાલ્યા જાય છે. આગળ ચાલતાં ધ્રુવ વન આવ્યું છે. પાંચ વર્ષના ધ્રુવજીએ પોતાની માતાના કહેવાથી જ્યાં તપ કર્યું છે એ ધ્રુવ વનમાં તેઓ પહોંચ્યા છે. અને ધ્રુવજીની સ્મૃતિ આવતા પોતે પણ ધ્રુવજીની જેમ એક પગે ઉભા રહી ધ્રુવની માતાને ધન્યવાદ આપતાં તેમનું સ્મરણ કરે છે. માતા હો તો આવી હજો જે પુત્રને સદ્‌રસ્તો બતાવે. સન્માર્ગે વાળે.

દરેક વ્યક્તિએ પોતાના પુત્ર - પરિવારને એવા સંસ્કાર આપવા જેથી દેશ, સમાજ અને સત્સંગને ઉપયોગી બને.

આજે પણ આ જગ્યાએ મંદાકિની અને અલકનંદા નદીનો સંગમ થાય છે. એ સ્થળ 'રુદ્ર પ્રયાગ' નામે ઓળખાય છે. સંગમના કિનારા પર સુંદર મંદિર છે. જેમાં શંકર ભગવાનનું અતિ રમ્ય સ્વરૂપ બિરાજે છે. આ જગ્યાએ નારદજીએ પણ તપ કરેલું છે. નારદવનનાં પણ દર્શન થાય છે.

# સમૈયો

## ના ઉપલક્ષમાં

**''સમૈયો''ના ઉપલક્ષમાં સંતો-હરિભક્તો દ્વારા ગામોગામ સત્સંગ સમાજલક્ષી પ્રવૃત્તિઓ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની સુંદર પ્રેરણા માર્ગદર્શનથી આપણા આગામી શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષના સમૈયોના ઉપલક્ષમાં આપણા નીચે મુજબના ગામોમાં સંત-હરિભક્તો દ્વારા થયેલી પ્રવૃત્તિઓ.

**શિલજ ખાતે શિક્ષાપત્રી સત્સંગ સભા**

અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી અને સંત મંડળ દ્વારા શિલજ અમદાવાદ ખાતે શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષ સમૈયોના ઉપલક્ષમાં તા. ૩-૫-૨૦૨૫ ના રોજ રાત્રે ૮ થી ૧૧ સુંદર સત્સંગ સભાનું આયોજન શિલજ મંદિર દ્વારા કરવામાં આવ્યું. જેમાં ઘણા જ હરિભક્તો તેમજ ધર્માનુરાગી ભાવિક ભક્તો સભામાં પધાર્યા હતા. પૂ. મહંત સ્વામી અને સંતોએ આપણા આગામી ઉત્સવ ''સમૈયો'' ની વિગતવાર માહિતી સાથે તેને લગતા પેંપલેટ, સુંદર અલૌકિક 'શિક્ષાપત્રી' દરેકને આપીને તેનો પાઠ કરવા અને મંત્ર લેખન નોટબુકનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. હરિભક્તોનો અતિ ઉત્સાહ જોઈ સંતો ખૂબ રાજી થયા હતા. સભા બાદ સૌને સુંદર નાસ્તારૂપે પ્રસાદ આપવામાં આવ્યો હતો.

(સાધુ દિવ્યસ્વરૂપદાસ - કાલુપુર મંદિર)

**નવા વાડજ ખાતે શિક્ષાપત્રી સત્સંગ સભા**

નવા વાડજ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે પૂ. મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર) સાથે પધારેલા સંત મંડળ આદિ સૌની ઉપસ્થિતિમાં નવા વાડજ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા આયોજીત શિક્ષાપત્રી સત્સંગ સભાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

પૂ. મહંત સ્વામી અને સંતોએ આગામી શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષના શિક્ષાપત્રી મહોત્સવ ''સમૈયો''ની વિગતવાર માહિતી સાથે તમામ ભક્તોને અલૌકિક શિક્ષાપત્રી, મહામંત્રલેખન નોટ, પેનો, પેંપલેટ આદિનું વિતરણ કરવામાં આવ્યું હતું. સૌ હરિભક્તો ''સમૈયો''માં પોતાની સેવા માટે પણ ખૂબજ ઉત્સાહી બન્યા હતા. રાત્રે સભા બાદ સૌને હળવા નાસ્તાનો પ્રસાદ વહેંચાયો હતો.

દર માસના છેલ્લા રવિવાર સત્સંગ સભા

સભા (૧) તા. ૩-૫-૨૫ શનિવાર શ્લોક ૧ થી ૨૫ (૨) તા. ૧-૬-૨૫ રવિવાર શ્લોક ૨૬ થી ૫૦, (૩) તા. ૬-૭-૨૫ રવિવાર શ્લોક ૫૧ થી ૭૫, (૪) તા. ૩-૮-૨૫ રવિવાર શ્લોક ૭૬ થી ૧૦૦, (૫) તા. ૭-૯-૨૫ રવિવાર શ્લોક ૧૦૧ થી ૧૨૫, (૬) તા. ૫-૧૦-૨૫ રવિવાર શ્લોક ૧૨૬ થી ૧૫૦, (૭) તા. ૨-૧૧-૨૫ રવિવાર શ્લોક ૧૫૧ થી ૧૭૫, (૮) તા. ૭-૧૨-૨૫ રવિવાર શ્લોક ૧૭૬ થી ૨૦૦, (૯) તા. ૧૧-૧-૨૬ રવિવાર શ્લોક ૨૦૧ થી ૨૧૨.

(કોઠારીશ્રી, નવા વાડજ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ધમાસણા શિક્ષાપત્રી સત્સંગ સભા**

શ્રી સ્વામિનારાયણ મંદિર ધમાસણા ખાતે તા. ૧૭-૫-૨૦૨૫ શનિવારના રોજ રાત્રે ૮-૩૦ કલાકે આપણા આગામી સમૈયોના ઉપલક્ષમાં સત્સંગ સભાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરથી સ.ગુ. ભંડારી સ્વામી જયપ્રકાશદાસજી, શા. સ્વા. આનંદસ્વરૂપદાસજી, સ.ગુ. શા.સ્વા. સત્યસંકલ્પદાસજી (નારાયણઘાટ મહંતશ્રી) આદિ સંત મંડળે આગામી શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષના સમૈયોના ઉપલક્ષમાં થનાર ધાર્મિક, સામાજિક પ્રવૃતિ આદિની જાહેરાત કરી હતી, ભાઈઓ-બહેનોને પેંપલેટમાં દર્શાવેલ નિયમોમાંથી જેને યોગ્ય લાગે તે નિયમ લેવા જણાવ્યું હતું. દરેક ભક્તોને ઘરોઘર અલૌકિક શિક્ષાપત્રી, મંત્ર લેખન નોટ, સ્ટીકર, કિચન, પેનો આદિ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આજની આ સત્સંગ સભાના યજમાન પ.ભ. શૈલેષભાઈ રમણભાઈ પટેલ પરિવાર ધમાસણા (હાલ ટી.પી. ૪૪) સમગ્ર આયોજન શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, કોઠારીશ્રી અને સમસ્ત ગામે કર્યું હતું. રાત્રે સૌ ભક્તોને હળવો નાસ્તો પ્રસાદ રૂપે આપવામાં આવ્યો હતો.

(યુવક મંડળ - કોઠારીશ્રી, ધમાસણા)

### બાપુપુરા ગામે સમૈયોના ઉપલક્ષમાં બાળમંડળની ક્રિકેટ મેચ

અત્રે બાપુપુરા ગામના પ.ભ. ડૉ. જયેશભાઈ અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-બાળ મંડળ દ્વારા ''સમૈયો''ના ઉપલક્ષમાં બાળ મંડળની ક્રિકેટ મેચનું આયોજન કરી દરેક ખેલાડીને આપણા સમૈયોના ઉપલક્ષમાં આયોજીત અનેકવિધ કાર્યક્રમોની જાણકારી આપી હતી. તેમજ દરેક બાળકોને નાની અલૌકિક શિક્ષાપત્રી, પેન, કિચન, મંત્રલેખન નોટબુક આદિ વિવિદ્ય વસ્તુઓ ભેટ આપવામાં આવી હતી. આવા સુંદર રમત ગમતના આયોજનથી બાળકોમાં અરસ પરસ પ્રેમ-લાગણી જાગે છે. અને નિકટતા વધે છે. માણસા મંદિરના મહંત સ્વામીની પ્રેરણાથી તા. ૨૩-૫-૨૦૨૫ વૈશાખ વદ એકાદશીના ઠાકોરજી સમક્ષ ભવ્ય આમ્રોત્સવ આગામી સમૈયો અને જેતલપુરધામના ૨૦૦ માં ઉત્સવ નિમિત્તે ઉજવાયો.

(કોઠારીશ્રી - બાપુપુરા મંદિર)

### સમૈયોના ઉપલક્ષમાં સાબલવાડ (ઈડર) ગામે ડોર ટુ ડોર સત્સંગ

ઈડર શ્રી સ્વામિનારાયણ મંદિરના તાબાના સાબલવડ ગામે શિક્ષાપત્રી ૨૦૦ વર્ષના સમૈયાના ઉપલક્ષમાં સ.ગુ. મહંત શા. સ્વા. સિધ્ધેશ્વરદાસજીની પ્રેરણાથી તેમજ પાર્ષદ ઘનશ્યામ ભગતના માર્ગદર્શનથી ગામના ખૂબજ ઉત્સાહી પ.ભ. હસમુખભાઈ એ સાબલવાડ ગામમાં ઘરોઘર જઈને ''સમૈયો''ના પેંપલેટ, શિક્ષાપત્રી, મંત્રલેખન નોટબુક, પેન આદિનું વિતરણ કરી દરેકને સમૈયોની રૂપરેખા માહિતી સમજાવી હતી. (કોઠારીશ્રી - સાબલવાડ)

### ઈડર પ્રદેશના થુરાવાસ, વડગામડા-થેરાસણા ગામે શિક્ષાપત્રી સત્સંગ સભા

શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડર-ટોરડાના મહંત શાસ્ત્રી સ્વામી સિધ્ધેશ્વરદાસજીની પ્રેરણાથી ૨૦૦ વર્ષના સમૈયો નિમિત્તે થુરાવાસ ગામે શિક્ષાપત્રી ઘર સભામાં તા. ૧૮-૫-૨૫ થી તા. ૨૦-૫-૨૫ દરમ્યાન બ્ર.સ્વા. અવિનાશાનંદજીએ સૌને ઉત્સવનું માહાત્મ્ય સમજાવ્યું હતું. તેમજ પાર્ષદ શ્રી ઘનશ્યામ ભગતે શિક્ષાપત્રી મહોત્સવની કથા સંભળાવી હતી. તા. ૨૧-૫-૨૫ ના રોજ વડગામડા અને થેરાસણ ગામે સત્સંગ સભા કરી હતી. છેલ્લા દિવસે મહંત શા. સ્વા. સિધ્ધેશ્વરદાસજીએ તમામ ભક્તોને સમૈયોની રૂપરેખા, આયોજન સાથે સુંદર માહિતી આપી હતી.

ત્રણેય ગામોમાં દરેક ઘરે શિક્ષાપત્રી, પેંપલેટ, મહામંત્ર નોટબુક, પેન આદિનું વિતરણ કર્યું હતું.

(પાર્ષદ ઘનશ્યામ ભગત - ઈડર)

### નેત્રામલી (ઈડર પ્રદેશ) ગામે શિક્ષાપત્રી અમૃતધારા પંચાન્હ પારાયણ

નેત્રામલી ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદ રાજીપાથી શિક્ષાપત્રી ૨૦૦ વર્ષના સમૈયોના ઉપલક્ષમાં તા. ૧૧-૫-૨૦૨૫ થી તા. ૧૫-૫-૨૦૨૫ પર્યન્ત શિક્ષાપત્રી અમૃતધારા પંચાન્હ પારાયણ સાં. કોકીલાબા (સુરેન્દ્રનગર)ના વક્તાપદે ૬૦૦ ઉપરાંત સત્સંગી બહેનોએ કથા શ્રવણ કર્યું હતું. કથા દરમ્યાન શ્રી ઘનશ્યામ જન્મોત્સવ, ગાદીપટ્ટાભિષેક, રાસોત્સવ ભવ્ય રીતે ઉજવાયા હતા.

તા. ૧૫-૫-૨૦૨૫ ના રોજ યજમાનશ્રી નીલાબેન કાંતિભાઈ પટેલના આગ્રહ ભર્યા આમંત્રણથી પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. કથામાં બિરાજી કથા શ્રવણ કરી સમસ્ત બહેનોને ખૂબ રાજી થઈ રૂડા આશીર્વાદ આપ્યા હતા. સમગ્ર ઈડર પ્રદેશના બહેનો આ પ્રસંગે પધાર્યા હતા. સમગ્ર પ્રસંગ ઈડર-ટોરડાના મહંત સ.ગુ. શા. સ્વામી સિધ્ધેશ્વરદાસજીની પ્રેરણા-માર્ગદર્શન અને પાર્ષદ ઘનશ્યામ ભગત (નેત્રામલી)ના સુંદર આયોજન દ્વારા સંપન્ન થયું હતું.

(કોઠારીશ્રી - નેત્રામલી)

### ગોતા વંદેમાતરમ શિક્ષાપત્રી સત્સંગ સભા

તા. ૪-૫-૨૦૨૫ ના રોજ ગોતા વંદેમાતરમ ખાતે રાત્રે ૮-૩૦ થી ૧૧ શિક્ષાપત્રી સત્સંગ સભા યોજાઈ હતી. આ પ્રસંગે પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી, સ.ગુ. મહંત શા. સ્વા. યજ્ઞપ્રકાશદાસજી (કલોલ-જમીયતપુરા) મહંત શા. સ્વા. ઉત્તમચરણદાસજી (કલોલ) આદિ સંતો આ વિસ્તારના લોકોનો સમૈયો ઉજવવા અંગેનો ઉત્સાહ જોઈ ખૂબ રાજી થયા હતા. સૌ ભક્તોને અલૌકિક શિક્ષાપત્રી, પેંપલેટ, પેન આદિનું વિતરણ કરી ભગવાનની કથાવાર્તા કરી હતી.

(એક હરિભગત - ગોતા)

### એપ્રોચ બાપુનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સમૈયોના ઉપલક્ષમાં સુંદરકાંડ પાઠ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર મંદિર)ની પ્રેરણાથી તેમજ પૂ. મહંત સ્વામી સ.ગુ. સ્વામી ધર્મસ્વરૂપદાસજી (નાથદ્વારા-પોરડા)ના સુંદર માર્ગદર્શનથી પ.ભ. શ્રી પ્રશાંતભાઈ મોહનભાઈ પટેલ (ભાટેરા), ચિ. પ્રાંજલભાઈ તથા શ્રી અપૂર્વભાઈ પરિવારના યજમાન પદે આપણા આગામી

''સમૈયો''ના ઉપલક્ષમાં ઈન્ડીયા કોલોની ખાતે એપ્રોચ બાપુનગરના સુંદર આયોજનથી સુંદર કાંડ પાઠ તા. ૩૧-૫-૨૦૨૫ શનિવાર રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ સુધી કરવામાં આવ્યા હતા. સમગ્ર આયોજન અત્રેના મહંત શા. સ્વા. દિવ્યપ્રકાશદાસજી અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર રીતે કર્યું હતું. (શ્રી. ન.ના.દેવ યુવક મંડળ - એપ્રોચ-બાપુનગર)

**કાંકરિયાધામ રામબાગ મંદિર શિક્ષાપત્રી સત્સંગ સભા**

ભગવાન શ્રી સ્વામિનારાયણની પરમકૃપાથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞા આશીર્વાદથી શિક્ષાપત્રી સમૈયાના ઉપલક્ષમાં મહંત શાસ્ત્રી સ્વામી અભિષેકપ્રસાદદાસજી દ્વારા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા મહિલા મંડળ કાંકરિયાના ભક્તિ સભર પ્રયાસથી દર એકાદશીની રાત્રે સત્સંગ સભાનું મંગલ આયોજન અમરાઈવાડી, ગોમતીપુર, ખોખરા તથા હરિભક્તોના ઘેર ઘેર કરવામાં આવે છે. તેમજ દર શનિવારે રાત્રે ૯-૩૦ થી ૧૦-૩૦ સુધી શ્રી હનુમાનજીની કથાનું પણ મંગલ અને કલ્યાણકારી આયોજન કરવામાં આવે છે. આમ સત્સંગ વૃદ્ધિ અને શિક્ષાપત્રી સમૈયો આગામી વર્ષે ધામધૂમથી ઉજવાય તેવા સત્સંગના પ્રયાસ અહીં તહીં સર્વત્ર શ્રી નરનારાયણદેવ ગાદીના તાબાના મંદિરોમાં સંતો દ્વારા થઈ રહ્યા છે. કાંકરિયા મંદિર દ્વારા થતી સત્સંગની પ્રવૃત્તિમાં કાંકરિયા મંદિરના મહંત સ્વામી તથા શા. સ્વામી નારાયણવલ્લભદાસજી તથા શાસ્ત્રી આનંદજીવનદાસજી તથા સ્વામી ચંદ્રપ્રકાશદાસજી પણ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપી હરિભક્તોને ભાવવિભોર કરે છે. (કોઠારી સ્વામી - કાંકરિયા)

**ગાંધીનગર શ્રી સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ''સમૈયો''ના ઉપલક્ષમાં ભજન સત્ર-મંત્રલેખન**

આપણા આગામી શિક્ષાપત્રી સમૈયોના ઉપલક્ષમાં પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રીહરિકેશવદાસજીના દિવ્ય આશીર્વાદ તથા સ.ગુ. શા. સ્વા. હરિપ્રિયદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર સે-૨૩ માં પ્રત્યેક એકાદશીના સાંજે વિશેષ ભજન સત્રનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમૂહ પ્રાર્થના, સ્તોત્ર પાઠ ૧૦૮, જનમંગલ પાઠ નામાવલિ, શિક્ષાપત્રી પૂજન, ચોસરપદ સંકીર્તન અને મહામંત્ર ધૂન આદિમાં હરિભક્તો મોટી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે. આપણા મંત્ર લેખનની નોટબુક આદિ દરેક ભક્તોને આપવામાં આવે છે.

(શા. હરિપ્રિય સ્વામી સે-૨૩ ગાંધીનગર)

**એપ્રોચ (બાપુનગર) મંદિર દ્વારા શિક્ષાપત્રી સભા (સંકલ્પ સભા ૨૧) તા. ૨૪-૫-૨૦૨૫**

પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શનથી તથા એપ્રોચ મંદિરના પૂ.મહંત સ.ગુ. શા. સ્વા. દિવ્યપ્રકાશદાસજીની પ્રેરણાથી પ.ભ. પરસોતમભાઈ ભીમજીભાઈ લહેરી હ. શ્રી હિંમતભાઈ, શ્રી મગનભાઈ અને શ્રી સુરેશભાઈ આદિ પરિવારના યજમાન પદે આપણા આગામી ઉત્સવ સમૈયાના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર બાપુનગર એપ્રોચ દ્વારા તા. ૨૪-૫-૨૦૨૫ શનિવારના રાત્રે ૮-૩૦ થી ૧૧ સુધી શિક્ષાપત્રી શ્લોક વિવેચન સભાનું સુંદર આયોજન થયું હતું. આ પ્રસંગે પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી, સ.ગુ. શા. સ્વા. વાસુદેવચરણદાસજી (પોરડા) સ.ગુ. મહંત શા. સ્વામી દિવ્યપ્રકાશદાસજી, કોઠારી બાલુ સ્વામી આદિ સંત મંડળે ''સમૈયો'' અને તેના ઉપલક્ષમાં થનાર તમામ પ્રવૃતિઓની માહિતી અને શિક્ષાપત્રીનું માહાત્મ્ય કહ્યું હતું. દરેક ભક્તોને ''સમૈયો''ની કીટ ભેટ રૂપે આપવામાં આવી હતી.

(કોઠારીશ્રી - એપ્રોચ મંદિર)

**ન્યુ નિકોલમાં શિક્ષાપત્રી સત્સંગ સભા (સંકલ્પ-૨૨ તા. ૨૫-૫-૨૫)**

ન્યુ નિકોલ ખાતે પૂ. મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર)ના માર્ગદર્શનથી તથા સ.ગુ. મહંત શા. સ્વા. દિવ્યપ્રકાશદાસજીની પ્રેરણાથી ન્યુ નિકોલ સમસ્ત સત્સંગ સમાજ-શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સુંદર આયોજનથી તથા પ.ભ. કિશોરભાઈ ઝવેરભાઈ ફિણવીયા પરિવારના યજમાન પદે અત્રે ન્યુ નિકોલ ખાતે તા. ૨૫-૫-૨૦૨૫ ના શિક્ષાપત્રી સત્સંગ સભા (સંકલ્પ-૨૨) ભવ્યતાથી થઈ હતી. આ પ્રસંગે પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી, પૂ. સ.ગુ. સ્વા. ધર્મસ્વરૂપદાસજી (પોરડા-નાથદ્વારા મહંતશ્રી), સ.ગુ. શા. સ્વા. વાસુદેવચરણદાસજી (પોરડા) કાલુપુર મંદિરથી પૂ. જે.પી. સ્વામી આદિ ઘણા સંતો પધાર્યા હતા અને હજારો હરિભક્તોને આપણા આગામી ''સમૈયો''ના ઉપલક્ષમાં ખૂબ અગત્યની માહિતી-રૂપરેખા અને જ્ઞાન સભર-જીવનમાં ઉતારવા જેવી વાતો વકતાશ્રીએ કરી હતી.

(શ્રી.ન.ના.દેવ યુવક મડળ - ન્યુ નિકોલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મણીપુરા (કડી) (ખાખરીયા પ્રદેશ) દશાબ્દી પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્, સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર મણીપુરા (કડી)નો દશાબ્દી પાટોત્સવ ગામના તમામ હરિભક્તોના સાથ સહકારથી ધામધૂમથી ઉજવાયો. તા. ૨૪-૫-૨૦૨૫ શનિવારના રાત્રે અમદાવાદ મંદિરના પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી, સ.ગુ. મહંત શા. સ્વામી સત્યસંકલ્પદાસજી (નારાયણઘાટ) આદિ સંત મંડળની ઉપસ્થિતિમાં સમૈયાના ઉપલક્ષમાં શિક્ષાપત્રી સભાનું સુંદર આયોજન થયું હતું. ગામના દરેક હરિભક્તોએ અલૌકિક લાભ લીધો હતો. (ધનપતભાઈ પટેલ)

**સિધ્ધપુર મંદિર દ્વારા શિક્ષાપત્રી સત્સંગ સભાઓ પ્રવૃત્તિઓ**

વિહાર (ગેરીતા દેશ), સિધ્ધપુર (ઉંઝા દેશ) થયેલ સભાઓ : સ.ગુ. મહંત શા. સ્વા. કુંજવિહારીદાસજી (સિધ્ધપુર-ખાણ) દ્વારા નીચેના ગામોમાં સમૈયોના ઉપલક્ષમાં થયેલ સભાઓ વિજાપુર, વજાપુર, સાપુર, હાથીપુરા, સાંકાપુરા, રણછોડપુરા, ભીમપુરા, સિધ્ધપુર, ઉંઝા પંચવટી, ઉંઝા બ્રાહ્મણ શેરી, ચાણસ્મા, પાટણ, મંડલોપ, શિરોહી, ખાણ (રાજ.) આદિ ગામોમાં શિક્ષાપત્રી સત્સંગ સભાઓ કરી હતી. સિધ્ધપુર મંદિરમાં સુરતના હરિભક્તોએ સમૈયોના ઉપલક્ષમાં મહાપૂજાના ૬૦ પાટલા લખાવ્યા હતા. સમૈયાના ઉપલક્ષમાં ખાણ અને સિધ્ધપુર મંદિરમાં સુંદર આમ્રોત્સવ ઉજવ્યો હતો. (કોઠારી સ્વામી - સિધ્ધપુર)

**સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીના જન્મસ્થાન ખાણધામ (રાજ.) અમદાવાદથી એસ.ટી. બસ ચાલુ થઈ છે**

સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીના જન્મ સ્થાન ખાણ (રાજ.) દર્શનાર્થે જવા માટે એસ.ટી. નિગમની બસ ચાલુ કરી છે. અમદાવાદથી જીરાવલ પ્લેટ ફોર્મ ૧૭ ઉપરથી બપોરે ૨-૩૦ કલાકે ઉપડશે. જે ખાણ મંદિરના ગેટ પાસે સાંજે ઉતારશે. અને બીજા દિવસ સવારે ૬-૩૦ ખાણથી ઉપડશે જે બપોર ૧-૦૦ કલાકે અમદાવાદ પહોંચાડશે.

●

**સિધ્ધપુર તથા ખાણ (રાજ.) મંદિર દર્શને જતા હરિભક્તોને સૂચન**

સમસ્ત હરિભક્તોને સૂચન છે કે આપ સિધ્ધપુર અને ખાણ મંદિર દર્શનાર્થે જાવ ત્યારે વ્યવસ્થાના ભાગ રૂપે નીચેના ફોન પર સંપર્ક કરી ભોજન-પ્રસાદ અને ઉતારા બુક કરાવવા ખાસ સૂચન છે.

૯૨૬૫૨૪૦૬૬૮ (સિધ્ધપુર)
૯૩૨૮૮૫૨૬૬૫ (ખાણ)

**ગાંધીનગર (સે-૨) શ્રી સ્વામિનારાયણ મંદિર "સમૈયો"ના ઉપલક્ષમાં શિક્ષાપત્રી સત્સંગ સભા**

શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) ખાતે પૂજય મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી અને સ.ગુ. મહંત શા. સ્વામી દેવપ્રકાશદાસજી (ઉનાવા) અને કોઠારી સ્વામી ભક્તિજીવનદાસજીના માર્ગદર્શનથી તા. ૨૩-૫-૨૦૨૫ અપરા એકાદશીના રોજ શિક્ષાપત્રી સત્સંગ સભાનું ભવ્ય આયોજન થયું હતું. જેમાં નારાયણઘાટ મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી સત્યસંકલ્પદાસજી તથા અમદાવાદ મંદિરના મહંત સ્વામીના શિષ્ય સ્વામી દિવ્યસ્વરૂપદાસજી આદિ સંતોએ આપણા આગામી "સમૈયો"ના ઉપલક્ષમાં આયોજીત વિવિધ કાર્યક્રમોની માહિતી સાથે શિક્ષાપત્રીનું પણ ખૂબજ માહાત્મ્ય હરિભક્તોને કહ્યું હતું. ગાયક કલાકાર શ્રી જયેશભાઈ સોની અને સાથી કલાકારોએ કીર્તન, ભક્તિની રમઝટ બોલાવી હતી. છેલ્લે અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામીએ આશીર્વાદ પાઠવ્યા હતા. ગાંધીનગરના મોટી સંખ્યામાં હરિભક્તોએ ધૂન-કીર્તન કથા વાર્તાનો લાભ લીધો હતો. ૨૫૦ બહેનોએ ૫૧ હજાર શિક્ષાપત્રીના પાઠ કરવાના નિયમ લીધા હતા. ધામોધામના સંતો પણ ખાસ પધાર્યા હતા. (બિપીનભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સાપાવાડા મહામંત્ર ધૂન**

સ.ગુ. મહંત સ્વામી અનિરૂદ્ધદાસજી તથા સુખનંદન સ્વામીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર સાપાવાડા સમૈયાના ઉપલક્ષમાં તા. ૧૫-૪-૨૦૨૫ થી તા. ૧૪-૫-૨૦૨૫ સુધી એક માસ સુધી સમગ્ર ગામના હરિભક્તોએ શ્રી સ્વામિનારાયણ મહામંત્રની નિજ મંદિરમાં ૧ કલાક ધૂન નિત્ય કરી હતી. (ઈશ્વરભાઈ પટેલ - કેશીયરશ્રી)

**મંદિરોના મૂળ પાટોત્સવ અંગે સૂચન**

શ્રી નરનારાયણદેવદેશ તાબાના આપણા ઘણા જુના મંદિરોનો જિર્ણોદ્ધાર અથવા નવીનીકરણ થાય ત્યારે જે તે સમયે દેવની-ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા થઈ હોય તે જ તિથિ રાખવી. તેમાં કોઈ ફેરફાર કરવો નહી. જેની સૌ સંત-હરિભક્તોએ ખાસ નોંધ લેવી. - આજ્ઞાથી

# સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર વૈશાખ સુદ-૧૫ સત્સંગ સભા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકૂળના આશીર્વાદથી તથા પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં દર પૂનમના ભવ્ય સત્સંગ સભાનું સુંદર આયોજન થાય છે. જેમાં ગામો ગામ અને શહેરના હરિભક્તો સભાનો લાભ લઈ રહ્યા છે. વૈશાખ સુદ-૧૫ ની સત્સંગ સભા સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રીજીસ્વરૂપદાસજીના વક્તાપદે થઈ હતી. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ઠાકોરજીના દર્શન કરી સભામાં બિરાજી કથા શ્રવણ કરી સૌ ભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગનું સભા સંચાલન સ.ગુ. કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજીએ સુંદર રીતે શોભાવ્યું હતું.

(કોઠારી સ્વામી કાલુપુર મંદિર)

### શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોની સપ્તમ્ વાર્ષિક પાટોત્સવ

શ્રી નરનારાયણદેવની પરમકૃપાળુ તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા સહ સમગ્ર ધર્મકુળ પરિવારના શુભ આશીર્વાદથી, કાલુપુર મંદિરના મહંત શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી પ.ભ. શ્રી દાસભાઈ સહ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના આયોજનથી હર્ષદ કોલોની મંદિરનો સપ્તમ વાર્ષિક પાટોત્સવ તા. ૧૮-૫-૨૫ ને રવિવારના રોજ ઉમંગ અને ઉલ્લાસથી ઉજવાયો.

જે અંત્રગત સમૂહ મહાપૂજા, અન્નકૂટ તથા ''સમૈયો''ના ઉપલક્ષમાં પ્રાસંગિક સભા તેમજ ભોજન-પ્રસાદનું આયોજન થયું હતું. આ પ્રસંગે શા. સ્વામી સત્યસંકલ્પદાસજી (નારાયણઘાટ)એ ખૂબ સુંદર રીતે શિક્ષાપત્રી માહાત્મ્ય સમજાવ્યું હતું. શા. સ્વામી દિવ્યપ્રકાશદાસજી (એપ્રોચ-બાપુનગર) તથા શા. સ્વામી વાસુદેવચરણદાસજી (પોરડા), કોઠારી પૂ. બાલુ સ્વામી (કાલુપુર) આદિક સંતોએ આશીર્વાદ પાઠવ્યા હતા.

### શ્રી સ્વામિનારાયણ

**પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રીએ પધારીને બહેનોને દર્શન-આશીર્વાદનું દિવ્ય સુખ આપી પ્રસંગની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.**

મહાપૂજાના મુખ્ય યજમાન પ.ભ. સંજયભાઈ બારોટ સહ દરેક યજમાનશ્રીઓનું યથોચિત સન્માન કરવામાં આવ્યું હતું. (ગોરધનભાઈ વી. સીતાપરા)

### શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) ભાયલા મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ધોળકા શ્રી મોરલી મનોહરદેવ પ્રદેશના સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામી જેવા મહાન સંત વિભુતિ એ જ્યાં ૨ માળનું ભવ્ય હરિ મંદિર બંધાવેલ જેને ઘણા વરસો થતા પુનઃ નૂતન મંદિર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આર્શીવાદથી તેમજ ધોળકા મંદિરના મહંત સ્વામી સ.ગુ. સત્યસંકલ્પદાસજીની પ્રેરણાથી તથા અમદાવાદ મંદિરના પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શનથી અને ગામના શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન હરિભક્તો અને કોઠારીશ્રી આદિના આર્થિક સહયોગથી નૂતન ભવ્ય મંદિર પૂર્ણ થતા તા. ૭-૫-૨૦૨૫ થી તા. ૯-૫-૨૦૨૫ દરમ્યાન સંપ્રદાયના સુપ્રસિદ્ધ કથાકાર પૂ.સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તાપદે ત્રિદિવસીય શ્રીહરિયાગનું કથા શ્રવણ હજારો કથા પ્રેમીઓએ કર્યું હતું.

તા. ૯-૫-૨૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે નૂતન મંદિરમાં ઠાકોરજીની પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા વિધિવત રીતે સંપન્ન થઈ હતી. સમગ્ર ભાયલા ગામને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. (સુરેશચંદ્ર પૂજારા)

### શ્રીહરિ પ્રતિષ્ઠાપિત શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકા ૧૯૮ મો વાર્ષિક પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ ધોળકા મંદિરના મહંત સ.ગુ. સ્વા. સત્યસંકલ્પદાસજીની પ્રેરણાથી પ.ભ. ડૉ. પરેશભાઈ એન. પૂજારા પરિવારના યજમાનપદે ધોળકા મંદિરમાં બિરાજમાન શ્રી મોરલી મનોહરદેવ હરિકૃષ્ણ મહારાજનો ૧૯૮ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧૩-૫-૨૫ થી તા. ૧૭-૫-૨૫ દરમ્યાન ''ધોળકા દેશની લીલા'' પંચાન્હ પારાયણ શાસ્ત્રી સ્વામી અજયપ્રકાશદાસજીના વક્તાપદે થઈ હતી. તા.

૧૩-૫-૨૫ ના રોજ પ.ભ. બહાદુરસિંહના નિવાસ સ્થાનેથી ૧૯૮ પોથીઓ સાથે પોથીયાત્રા ધામધૂમથી નિજ મંદિર આવી હતી.

વૈશાખ વદ-૫ તા. ૧૭-૫-૨૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી મોરલી મનોહર દેવ હરિકૃષ્ણ મહારાજના પાટોત્સવની શણગાર આરતી થઈ હતી. સભામાં બિરાજીને આ દેવનો આગામી દ્વિશતાબ્દી મહોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવવા સૌને પ્રેરણા સાથે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. (પૂજારા સુરેશભાઈ)

**સિમેજ શ્રી સ્વામિનારાયણ મંદિર પુનઃ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા**

ધોળકા શ્રી મોરલી મનોહરદેવ હરિકૃષ્ણ મહારાજના પ્રદેશના સિમેજ ગામે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ધોળકા મંદિરના મહંત સ્વામી સત્યસંકલ્પદાસજીએ હરિભક્તોના સુંદર સાથ સહકારથી મંદિરનું, સિંહાસન આદિ સુંદર નૂતન કરી ઠાકોરજીની પુનઃ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા ધોળકા મંદિરના પાટોત્સવના દિવસે જ તા. ૧૭-૫-૨૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થઈ હતી. ત્રિદિવસીય શ્રીહરિયાગનું પણ સુંદર આયોજન થયું હતું. આ પ્રસંગના યજમાન પ.ભ. કાળુભાઈ કુબેરભાઈ પટેલ પરિવારને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા. (કોઠારીશ્રી - સિમેજ મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર પાલડી-કાંકજ ૧૯ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ જેતલપુરધામના પૂ. મહંત સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, પૂ. શા. સ્વામી પી.પી. સ્વામીની પ્રેરણાથી તેમજ મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીના સુંદર આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર પાલડી-કાંકજનો ૧૯ મો વાર્ષિક પાટોત્સવ તા. ૨૧-૪-૨૦૨૫ ના રોજ વિધિવત રીતે ઉજવાયો. આ પ્રસંગે જેતલપુરધામથી મહંત સ્વા. કૃષ્ણપ્રકાશદાસજી, બ્ર. શા. સ્વામી હરિસ્વરૂપાનંદજી (ટ્રસ્ટીશ્રી કાલુપુર), બ્ર. સ્વા. પવિત્રાનંદજી, શા.સ્વા. પ્રેમપ્રકાશદાસજી આદિ સંત મંડળે કથા વાર્તા કરીને ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારી હરિભક્તોને રાજી કર્યા હતા. (સાધુ જનમંગલદાસ - જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર પાટણ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ જેતલપુરધામના પૂ. મહંત સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, અત્રે મંદિર નિર્માતા પૂ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તેમજ સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી, મહંત સ્વા. વિશ્વપ્રકાશદાસજીના સુંદર આયોજનથી પાટણ શહેરમાં નૂતન ભવ્ય શ્રી સ્વામિનારાયણ મંદિર પૂર્ણ થતા તા. ૨૦-૪-૨૦૨૫ થી તા. ૨૬-૪-૨૦૨૫ પર્યન્ત મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ સ.ગુ. મહંત શા. સ્વા. ભક્તિનંદનદાસજી (બાવળા)ના વક્તાપદે પાટણવાસીઓએ કથા શ્રવણ કર્યું. તા. ૨૬-૪-૨૦૨૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે નૂતન મંદિરમાં ઠાકોરજીની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા વેદવિધિસર સંપન્ન થઈ. આ પ્રસંગે પાટણ ગામે શ્રી બાળ ઘનશ્યામ મંડળ, શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સ્થાપના પ.પૂ. મહારાજશ્રી એ કરી હતી. બાળ મંડળની સભા દર રવિવારે સવારે ૧૦થી ૧૧ સુધી થાય છે. (પાટણ કોઠારીશ્રી - સ્વામી જનમંગલદાસ - જેતલપુરધામ)

**જેતલપુરધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં ટોરડા ધામે અખંડ ધૂન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુરધામના પૂ. મહંત સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, પૂ. સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી જેતલપુરધામ નિવાસી શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના ૨૦૦ વર્ષના દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી, મહંત સ્વામી વિશ્વપ્રકાશદાસજી, મહંત શા. સ્વા. ભક્તિનંદનદાસજીના સુંદર આયોજનથી ટોરડા ધામે તા. ૨૭-૪-૨૦૨૫ ના રોજ શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ૧૨ કલાકની અખંડ ધૂન મૂ.અ.મૂ. ગોપાળાનંદ સ્વામીના જન્મસ્થાનમાં થઈ હતી. જેમાં નારણપુરા, જેતલપુર, ટ્રેન્ટ, કાલીયાણા, સીતાપુર, બાવળા, વિરમગામ આદિ ગામોના ૧૫૦૦ જેટલા હરિભક્તોએ ધૂનનો લાભ લીધો હતો. આ સમગ્ર પ્રસંગમાં ટોરડા મંદિરના મહંત સ.ગુ. શા. સ્વા. સિધ્ધેશ્વરદાસજી અને તેમના મંડળે ખૂબ સુંદર સહયોગ આપ્યો હતો. (સાધુ જનમંગલદાસ - જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સાદરા (વાસણા) ૯ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ જેતલપુરધામના પૂ. મહંત

સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, પૂ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તેમજ સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીના સુંદર આયોજન દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર સાદરા (વાસણા) નો ૯ મો વાર્ષિક પાટોત્સવ તા. ૩-૫-૨૦૨૫ ના રોજ વિધિવત રીતે ઉજવાયો. આ પ્રસંગે જેતલપુરધામના સાધુ જનમંગલદાસ, સાધુ હરિનારાયણદાસે હરિભક્તોને કથા વાર્તા ધૂન કીર્તન કરી ઠાકોરજીની પાટોત્સવની આરતી ઉતારી હતી. ( કોઠારીશ્રી સાદરા - સ્વામી જનમંગલદાસ - જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર રાબડીયા ૧૪ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ જેતલપુરધામના પૂ. મહંત સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, પૂ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તેમજ સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીના સુંદર આયોજનથી રાબડીયા શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૪ મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે જેતલપુરધામથી શા. જનમંગલ સ્વામી, શા. હરિનારાયણ સ્વામીએ પધારીને કથા વાર્તા કરી ઠાકોરજીના પાટોત્સવની આરતી ઉતારી હતી. પાટોત્સવના યજમાન પ.ભ. વિનોદભાઈ નટવરભાઈએ સુંદર લાભ લીધો હતો. આગામી ૧૫ મો પાટોત્સવ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ધામધૂમથી ઉજવવાનું આયોજન કર્યું છે. (સાધુ જનમંગલદાસ - જેતલપુરધામ)

**જેતલપુરધામના દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં ટ્રેન્ટ ગામે ૨૦૦ કલાકની મહામંત્ર ધૂન**

જેતલપુરધામમાં બિરાજમાન મહાપ્રતાપી શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના આગામી વર્ષે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં દ્વિશતાબ્દી મહોત્સવ ઉજવાનાર છે. તેના ઉપલક્ષમાં તા. ૭-૫-૨૦૨૫ ના રોજ ટ્રેન્ટ ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ૨૦૦ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનની પૂર્ણાહુતિ પ્રસંગે જેતલપુરધામથી પૂ. મહંત સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી સંત મંડળ સાથે પધારી ઉત્સવની રૂપરેખા સમજાવી ધૂનની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી.

(સાધુ જનમંગલદાસ - જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગામડી ૧૯૬ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ જેતલપુરધામના પૂ. મહંત સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, પૂ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીના સુંદર આયોજનથી ગામડી શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૯૬ મો પાટોત્સવ અને બહેનોના મંદિરનો ૭ મો પાટોત્સવ તા. ૨-૫-૨૦૨૫ ના રોજ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે જેતલપુરધામથી પૂ. મહંત શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, સ.ગુ. બ્ર. સ્વામી વાસુદેવાનંદજી, બ્ર. શા. સ્વામી હરિસ્વરૂપાનંદજી (ટ્રસ્ટીશ્રી - કાલુપુર મંદિર), સ.ગુ. સ્વા. વિશ્વપ્રકાશદાસજી (ટ્રસ્ટીશ્રી - કાલુપુર મંદિર) આદિ સંત મંડળે કથા વાર્તા કરી હતી. મહાપૂજા, ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ આદિનો હરિભક્તોએ લાભ લીધો હતો. પાટોત્સવના યજમાનનો પ.ભ. ઘનશ્યામભાઈ ઈશ્વરભાઈ પટેલ પરિવારે લાભ લીધો હતો. (સાધુ જનમંગલદાસ - જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મેરાનીમુવાડી ૧૫ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ જેતલપુરધામના પૂ. મહંત સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, પૂ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તેમજ સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીના સુંદર આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર મેરાની મુવાડીનો ૧૫ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. જેતલપુરધામથી શા. સ્વા. જનમંગલદાસ, શા. સ્વા. હરિનારાયણદાસ, શા. સ્વા. રામેશ્વરાનંદજી આદિ સંત મંડળે પધારી કથા વાર્તા કરી ઠાકોરજીની આરતી ઉતારી હરિભક્તને સુંદર લાભ આપ્યો હતો. પાટોત્સવના યજમાન પદનો સમગ્ર ગામે લાભ લીધો હતો. (કોઠારીશ્રી - મેરાનીમુવાડી - સાધુ જનમંગલદાસ - જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મોટપ પુનઃ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ જેતલપુરધામના પૂ. મહંત સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, પૂ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તેમજ સ.ગુ. સ્વામી વિશ્વપ્રકાશદાસજીના સુંદર આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) મોટપનું સુંદર ભવ્ય નિર્માણ કાર્ય પૂર્ણ થતા

તા. ૨-૫-૨૦૨૫ થી ૬-૫-૨૦૨૫ પર્યન્ત મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં પંચ દિનાત્મક શ્રીમદ્ ભાગવત પારાયણ સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી ભક્તિનંદનદાસજીના વક્તાપદે થઈ હતી. મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના મુખ્ય યજમાન અ.નિ. પ.ભ. કરશનદાસ રામચંદદાસ પટેલ પરિવાર - હ. પ.ભ. કેશવલાલ છગનભાઈ પટેલ તથા પ.ભ. જી. કે. પટેલ (ટ્રસ્ટીશ્રી કાલુપુર મંદિર) પરિવારે મહા અલૌકિક લાભ લીધો હતો. સમગ્ર મોટપ ગામે તન, મન અને ધનથી સેવા કરી હતી. તા. ૬-૫-૨૦૨૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા ખૂબજ ધામધૂમપૂર્વક સંપન્ન થઈ હતી, સમગ્ર ગામને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે ધામોધામના સંતો પધાર્યા હતા.

(સાધુ જનમંગલદાસ - જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નવાગામ (તા. કપડવંજ) ૧૫ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ જેતલપુરધામના પૂ. મહંત સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, પૂ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તેમજ સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીના સુંદર આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર નવાગામ (કપડવંજ)નો ૧૫ મો પાટોત્સવ તા. ૧૭-૫-૨૦૨૫ ના રોજ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે જેતલપુરધામથી મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી, શા. સ્વા. હરિપ્રકાશદાસજી (મકનસર મહંતશ્રી) શા. સ્વા. અક્ષરપ્રિયદાસજી આદિ સંતોએ કથા વાર્તા કરી ઠાકોરજીની આરતી ઉતારી હતી. પાટોત્સવના યજમાન પ.ભ. બાલમુકુન્દભાઈ, શ્રી ગીરીશભાઈ, શ્રી ભીખાભાઈ, શ્રી પ્રવિણભાઈ આદિ હરિભક્તોએ લાભ લીધો હતો.

(સાધુ જનમંગલદાસ - જેતલપુરધામ)

**ભાત ગામે જેતલપુરધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ જેતલપુરધામના પૂ. મહંત સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, પૂ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તથા સ.ગુ. સ્વામી પુરૂષોત્તમચરણદાસજી (દાસ સ્વામી)ના સુંદર આયોજનથી જેતલપુરધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં ભાત ગામે તા. ૧૩-૫-૨૦૨૫ થી તા. ૧૭-૫-૨૦૨૫ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ સ.ગુ. શા. સ્વા. ભક્તિનંદનદાસજી (બાવળા મહંતશ્રી)ના વક્તાપદે સમગ્ર ગામે કથાનું શ્રવણ કર્યું હતું. ગામના તમામ ભક્તોએ યજમાનપદનો લાભ લીધો હતો. (કોઠારીશ્રી ભાત મંદિર)

**બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વિદશાબ્દી મહોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિરનો દ્વિદશાબ્દી મહોત્સવ તા. ૨૯-૪-૨૫ થી . ૨-૫-૨૫ દરમ્યાન અ.નિ. ખીમજીભાઈ ભગવાનદાસ પટેલ પરિવારના અ.નિ. ગોવિંદભાઈ તથા પ.ભ. રતીભાઈ પટેલ પરિવારના યજમાનપદે ઉજવાયો. આ પ્રસંગે શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ પંચાન્હ પારાયણ સ.ગુ. સ્વા. ધ્યાનપ્રિયદાસજીના વક્તાપદે થઈ હતી. કથા દરમ્યાન બાળ મંચ, બાલિકા મંચ, યુવતિ મંચ અને મહિલા મંચ દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ થયા હતા. આ પ્રસંગે પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી, પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને બહેનોને દર્શન આશીર્વાદ આપી સૌ બહેનો ઉપર ખૂબ રાજી થયા હતા.

ઠાકોરજીના અન્નકૂટની તમામ પ્રસાદી અનાથાશ્રમના બાળકોને વહેંચવામાં આવી હતી. યજ્ઞનું પણ સુંદર આયોજન થયું હતું. વૈશાખ સુદ-૭ તા. ૪-૫-૨૫ ના રોજ ઠાકોરજીના પાટોત્સવ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને ઠાકોરજીની અન્નકૂટની આરતી ઉતારી સમગ્ર સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

(પ્રવિણ ઉપાધ્યાય)

**શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) ઈશ્વરપુરા ૩૦ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તેમજ સ.ગુ.શા. સ્વા. દેવપ્રકાશદાસજી (ઉનાવા મહંતશ્રી)ના સુંદર આયોજનથી ઈશ્વરપુરા બહેનોના શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૩૦ મો વાર્ષિક પાટોત્સવ તા. ૨૦-૫-૨૦૨૫ ના રોજ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧૭-૫-૨૦૨૫ થી તા. ૨૦-૫-૨૦૨૫ પર્યન્ત શ્રીહરિ સ્મૃતિ ત્રિદિનાત્મક કથા સ.ગુ. મહંત શા. સ્વા. દિવ્યપ્રકાશદાસજી (એપ્રોચ-બાપુનગર)ના વક્તાપદે થઈ હતી. જેના યજમાનનો લાભ સમસ્ત મહિલા મંડળે લીધો હતો. પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ આરતી સંતોના વરદ્ હસ્તે થઈ હતી. (રાહુલ ચૌધરી - ઈશ્વરપુરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર દોલારાણા વાસણા પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર દોલારાણા વાસણાના પાટોત્સવ જેઠ સુદ-૨ તા. ૨૮-૫-૨૦૨૫ ના રોજ ધામધૂમથી ઉજવાયો હતો. આ પ્રસંગે સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી (વડનગર) ઉપસ્થિત રહીને ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ આરતી, કથા-વાર્તા કરી હરિભક્તોને રાજી કર્યા હતા. પાટોત્સવના યજમાન પ.ભ. અ.નિ. રમેશભાઈ મણીલાલ ભાવસાર હસ્તે ઉર્મિલાબેન રમેશભાઈ ભાવસાર પરિવાર રહ્યા હતા.

## વિદેશ સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર પારસીપની ન્યુજર્સી (આઈ.એસ.એસ.ઓ.) (અમેરિકા) દશાબ્દી પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ કાંકરિયા મંદિરના મહંત સ્વામી પૂ. શાસ્ત્રી સ્વામી અભિષેકપ્રસાદદાસજી, પાર્ષદ મહાદેવ ભગત અને અત્રેના હરિભક્તોના સુંદર આયોજનથી આપણા હિન્દુ શ્રી સ્વામિનારાયણ મંદિર પારસીપની (ન્યુજર્સી આઈ.એસ.એસ.ઓ.) નો દશાબ્દી પાટોત્સવ મહોત્સવ તા. ૧૮-૫-૨૦૨૫ થી તા. ૨૫-૫-૨૦૨૫ દરમ્યાન ધર્મકુળની નિશ્રામાં ભવ્યતાથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ સંપ્રદાયના સુપ્રસિદ્ધ કથાકાર પૂ. શાસ્ત્રી સ્વામી શ્રી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે હજારો ભક્તોએ કથા શ્રવણ કર્યું હતુ. તા. ૨૪-૫-૨૦૨૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો ષોડશોપચાર મહાભિષેક, અન્નકૂટ, શણગાર આરતી ધામધૂમપૂર્વક થયા હતા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી, પ.પૂ. બિન્દુરાજા, પૂ. સુવ્રતકુમાર, પૂ. સૌમ્યકુમાર ખાસ પધાર્યા હતા. હરિભક્તો એ પણ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી આપણા આગામી સમૈયા ઉત્સવમાં ખૂબ સારી સેવા હરિભક્તો દ્વારા થઈ હતી. ધામોધામથી આપણા સંતો પધાર્યા હતા. ધર્મકુળની સેવામાં હજૂરી પાર્ષદ વનરાજ ભગત અને પાર્ષદ શૈલેષભગત જોડાયા હતા. (શા. અભિષેક સ્વામી - કાંકરિયા મહંતશ્રી)

**નેશવીલ (અવધધામ - ટેનીસી - આઈ.એસ.એસ.ઓ. અમેરિકા) શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર નોશવીલ અવધધામ ટેનોસી (આઈ.એસ.એસ.ઓ. અમેરિકા) તા. ૨૧-૫-૨૦૨૫ થી તા. ૨૫-૫-૨૦૨૫ પર્યન્ત મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં પૂ. શા. રામ સ્વામી (કોટેશ્વર), પૂ. શા. ભક્તિનંદન સ્વામી (જેત.), પૂ. શા. સ્વામી સત્યસ્વરૂપ સ્વામી અને પૂ. શા. મોટા પી.પી. સ્વામી (જેતલપુર)ના વક્તાપદે શ્રીમદ્ ભાગવત પારાયણ થઈ હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા વિધિવત રીતે થઈ હતી. સમસ્ત સભાને ધર્મકુળે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આપણા આઈ.એસ.એસ.ઓ. ના દરેક ચેપ્ટરોમાંથી ઘણાજ હરિભક્તો અને સંતો પધાર્યા હતા.

(પ્રમુખશ્રી નેશવીલ મંદિર)

**શ્રી નરનારાયણદેવ દેશના આગામી ઉત્સવ**

જેઠ વદ-૧૨ રવિવાર તા. ૨૨-૬-૨૦૨૫ યોગીની એકાદશી ઉપવાસ, વડનગર મંદિર પાટોત્સવ

જેઠ વદ-૩૦ બુધવાર તા. ૨૫-૬-૨૦૨૫ અમાસ.

અષાઢ સુદ-૨ શુક્રવાર તા. ૨૭-૬-૨૦૨૫ શ્રી જગન્નાથજી ભગવાનની રથયાત્રા

અષાઢ સુદ-૪ રવિવાર તા. ૨૯-૬-૨૦૨૫ અયોધ્યા શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ.

અષાઢ સુદ-૧૧ રવિવાર તા. ૬-૭-૨૦૨૫ દેવશયની એકાદશી ઉપવાસ, ચાતુર્માસ પ્રારંભ.

**અષાઢ સુદ-૧૫ ગુરૂવાર તા. ૧૦-૭-૨૦૨૫ ગુરુપૂર્ણિમા અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું "ગુરુપૂજન".**

અષાઢ વદ-૨ શનિવાર તા. ૧૨-૭-૨૦૨૫ હિંડોળા પ્રારંભ.

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**ફાગણ સુદ-૧** પ.ભ.અ.નિ. નીતિનભાઈ ગોપાલદાસ શાહ (મુંબઈ), પ.ભ. વિઠ્ઠલભાઈ સોમાભાઈ પટેલ (કલોલ), પ.ભ. મુકુન્દભાઈ નટવરભાઈ પટેલ (કાયાવરોહણ), પ.ભ. ભાર્ગવ કૌશિકભાઈ ઠક્કર (બાવળા). **ફાગણ સુદ-૨** પ.ભ. ગીરીશભાઈ કે. પટેલ (ભાઉપુરા). **ફાગણ સુદ-૩** પ.ભ. વલ્લભભાઈ બાલુભાઈ ગઢીયા (ગઢડા), પ.ભ. મેઘબાઈ ભીમજી વેકરીયા (નારાયણપર-કચ્છ), પ.ભ. અશ્વિનભાઈ પટેલ (શ્રીનરનારાયણદેવ પાટોત્સવના યજમાન) (અમદાવાદ), પ.ભ. ભાનુબેન રમણભાઈ પટેલ (ગોઠીબ) **ફાગણ સુદ-૪** પ.ભ.અ.નિ. વિશ્રામ હરિભાઈ ડબાસીયા (કચ્છ-ભુજ), પ.ભ. અંબાબેન રમણભાઈ ચૌધરી (માણેકપર), પ.ભ.અ.નિ. વશરામભાઈ નથુભાઈ સરસાવાડીયા (અમદાવાદ). **ફાગણ સુદ-૫** પ.ભ. કરશન લાલજી વેકરીયા ઝાખણીયા (માંડવી-કચ્છ). **ફાગણ સુદ-૬** પ.ભ. રમણલાલ લક્ષ્મણદાસ જેઠવા (અમદાવાદ). **ફાગણ સુદ-૭** પ.ભ. હિરલબેન મનીષકુમાર રાંદલપુરા (વડોદરા). **ફાગણ સુદ-૯** પ.ભ. કિંજલબેન નિરલકુમાર (માણેકપુર). **ફાગણ સુદ-૧૦** પ.ભ.અ.નિ. ચંદ્રકાન્તભાઈ ગંગારામભાઈ ઠક્કર (અમદાવાદ), પ.ભ. દિનેશભાઈ રવજીભાઈ ધાનાણી (સુરત), પ.ભ. દર્શનાબેન પટેલ (રાજકોટ), પ.ભ. ઉમેશભાઈ ધરમશીભાઈ મોરડીયા (અંકલેશ્વર), પ.ભ. મનજીભાઈ નાથાભાઈ સંઘાણી (બાપુનગર), પ.ભ. શૈલેષભાઈ જયંતીભાઈ પટેલ (શિલજ). **ફાગણ સુદ-૧૨** પ.ભ. જયેશભાઈ હડીયા (ઓસ્ટ્રેલીયા), પ.ભ. પ્રવિણભાઈ ગોવિંદભાઈ પટેલ (પલિયડ), પ.ભ. નારણભાઈ જોઈતનદાસ પટેલ (વડુ), પ્રેમજી લક્ષ્મણ વરસાણી (માંડવી-કચ્છ), અ.નિ. સ.ગુ. સ્વા. નિરન્નમુક્તદાસજી (વકીલ સ્વામી) (વડતાલ), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ), પ.ભ. શૈલેષભાઈ ભાવસાર (સરસપુર), પ.ભ.અ.નિ. અરવિંદભાઈ મફતભાઈ પટેલ (ડાંગરવાવાળા). **ફાગણ સુદ-૧૩** પ.ભ. સવજીભાઈ કલ્યાણભાઈ ધાનાણી (બાપુનગર), સાંખ્યયોગી ભારતીબા (હવેલી), રેખાબેન કમલેશભાઈ (ડિંગુચાવાળા). **ફાગણ સુદ-૧૪** પ.ભ. રજનીકાન્તભાઈ ડાહ્યાલાલ પટેલ (કુંડાળ), પ.ભ.અ.નિ. પરેશભાઈ બાલુભાઈ પટેલ (જમીયતપુરા), પ.ભ. માનવ અરવિંદભાઈ પટેલ (ગોઠીબ). **ફાગણ સુદ-૧૫** પ.ભ. સતીષભાઈ ગોપાલભાઈ મોરડીયા (સુરત)

**ફાગણ વદ-૧** પ.ભ. જગદીશભાઈ માવજી રાઘવાણી (બળદીયા-કચ્છ), ગુજરાત પાઈપ પરિવાર (બોડેલી). **ફાગણ વદ-૨** પ.ભ.અ.નિ. કંકુબેન મણીલાલ કચરદાસ પટેલ (વિહાર), પ.ભ. હર્ષ નંદુભાઈ પટેલ (ઉનાવા), પ.ભ.અ.નિ. બબુબેન બળદેવભાઈ પટેલ, પ.ભ. વાલજી રામજી વરસાણી (સામત્રા-કચ્છ), પ.ભ. ભોળીદાસ મોતીદાસ પટેલ (ઝુલાસણ), પ.ભ.અ.નિ. અંબાલાલ રામદાસ પટેલ (સોજા), પ.ભ. દિલીપકુમાર પરસોતમભાઈ પટેલ (બાપુનગર), પ.ભ.અ.નિ. ભીમજી દેવજી ભૂડીયા (દહીંસરા-કચ્છ). **ફાગણ વદ-૩** પ.ભ.અ.નિ. રમેશભાઈ ગાંગજી લાધાણી (સામત્રા-કચ્છ), પ.ભ. ઉન્નતિબેન આર. ભાવસાર (અમદાવાદ). **ફાગણ વદ-૪** પ.ભ.અ.નિ. મણીલાલ કચરદાસ પટેલ (વિહાર), પ.ભ.અ.નિ. રમીલાબેનના સ્મરણાર્થે (અમદાવાદ), પ.ભ. નિકુલ કાળાભાઈ ચૌધરી (મકાખાડ), પ.ભ.અ.નિ. ગોપાલ નારણ વરસાણી (ભારાસર-કચ્છ), પ.ભ. મણીલાલ શંકરદાસ પટેલ (મોખાસણ), પ.ભ. ધર્મેશભાઈ કરશનભાઈ છભાડીયા (માંડવી-કચ્છ). **ફાગણ વદ-૫** ગં.સ્વ. પ્રેમીલાબેન રમેશ લાધાણી (સામત્રા-કચ્છ), પ.ભ.અ.નિ. ચતુરભાઈ સોમાભાઈ પટેલ (પોર). **ફાગણ વદ-૬** ગં.સ્વ. દેવિકાબેન કાંતિલાલ પટેલ (સુખપર-રોહા-કચ્છ), પ.ભ. જતીનભાઈ ઝવેરભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. અનિલભાઈ ચતુરભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ.અ.નિ. દેવુબેન ગોપાલ વેકરીયા (સુખપુર-કચ્છ). **ફાગણ વદ-૭** પ.ભ.અ.નિ. રવજી કરશન વરસાણી (માધાપર-કચ્છ). **ફાગણ વદ-૮** પ.ભ. ગોવિંદભાઈ નાનજીભાઈ. **ફાગણ વદ-૯** પ.ભ. ઉપેન્દ્રભાઈ બળદેવભાઈ સોની (વિરમગામ), પ.ભ.અ.નિ. વિજ્યાબેન વનમાળીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. કૃષ્ણકુમાર વાડીલાલ પટેલ (ગોઠીબ), પ.ભ. પ્રવિણાબેન સુરેશભાઈ પારેખ (અમદાવાદ), પ.ભ. ગોવિંદભાઈ દેવજીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. નિર્મળભાઈ બાબુભાઈ કથીરીયા (અમદાવાદ), પ.ભ. ત્રિભોવનભાઈ લક્ષ્મણભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. પાર્થ મનહરભાઈ ગાંધી (નવા નરોડા), પ.ભ. કલ્પેશભાઈ બી. પટેલ (અમદાવાદ), પ.ભ. નિખિલ હસમુખભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. નિતાબેન અતિતકુમાર (અમદાવાદ). **ફાગણ વદ-૧૦** પ.ભ. કૃષ્ણભાઈ ડાહ્યાભાઈ પટેલ (દેઉસણા), પ.ભ. હરિપ્રસાદ માણેકલાલ આચાર્ય (અમદાવાદ), પ.ભ.અ.નિ. ઠાકરશીભાઈ ભીખાભાઈ કેવડીયા (સુરત), પ.ભ. સુરજકુમાર વાસુદેવભાઈ પટેલ (અમદાવાદ). **ફાગણ વદ-૧૧** પ.ભ. રમણભાઈ જીજીદાસ પટેલ (પલિયડ). **ફાગણ વદ-૧૨/૧૩** પ.ભ. કેતન હંસરાજભાઈ નાકરાણી (સુરત), પ.ભ. શૈલેષભાઈ ભાવસાર (અમદાવાદ), પ.ભ.અ.નિ. તુલસીભાઈ રવજીભાઈ (રાજકોટ), પ.ભ. વૈદેહી પાર્થકુમાર ત્રિવેદી (અમદાવાદ), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ), પ.ભ. ગોપાલ નારણ વેકરીયા (અમદાવાદ), પ.ભ. શિલ્પાબેન અરવિંદભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. લક્ષ્મીકાંત ભીખાભાઈ પટેલ (લસુન્દ્રા), પ.ભ. તેજબાઈ કાનજી વેકરીયા (બળદીયા-કચ્છ). **ફાગણ વદ-૧૪** પ.ભ.અ.નિ. લાલજી પ્રેમજી ભંડેરી (દહીંસરા-કચ્છ), પ.ભ. સાગર નાનદાસ વરસાણી (માધાપર-કચ્છ). **ફાગણ વદ-૩૦** પ.ભ. બકુલભાઈ પૂનમભાઈ પરમાર (સિંધાલી-પોરડા), પ.ભ.અ.નિ. નાનજી અરજણ વરસાણી (માનકુવા-કચ્છ)

### અક્ષરવાસ

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ**ના સંત જેઓ સતત અમદાવાદ દેશના ગામોમાં નામ ધર્માદો ઉઘરાવવાની સેવા કરતા એવા સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રીરંગદાસજી ગુરુ સ.ગુ. સ્વામી હરિનારાયણદાસજી વૈશાખ વદ-૬/૭ ને તા. ૧૯-૫-૨૦૨૫ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ**ના સંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રીકૃષ્ણદાસજી ગુરુ સ.ગુ. સ્વામી જાનકીવલ્લભદાસજી (ભચાઉ કચ્છ) તા. ૯-૫-૨૦૨૫ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

Printed and Published by **Shastri Swami Purushottamprakashdasji** on behalf of **Shree Swaminarayan Temple** and **Published From :** Shree Swaminarayan Mandir Kalupur, Ahmedabad-380001. Printed at **Asian Printery,** Near Talati Hall, Raipur, Ahmedabad-380001.
**Editor :** Shastri Swami Purushottamprakashdasji





અમદાવાદ મંદિમાં દર પૂનમે યોજાતી સત્સંગ સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



અમદાવાદ મંદિરમાં સંત મહાદીક્ષા આપ્યા બાદ નવ દીક્ષીત સંતો સાથે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



કર્મશક્તિ મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી





પારસીપની (આઈ.એસ.એસ.ઓ.અમેરિકા) મંદિરના ૧૦મા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ. મહારાજશ્રી અને સભામાં દર્શન આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

Registered under RNI is - GUJ GUJ/2007/20221 “Permitted to post at Ahd.PSO on 11 the every month under postal REG. No.GAMC.003/2024-2026 Valid up to 31-12-2026 issued by the SSPO’s License to Post without Prepayment No.PMG/NG/028/2024/2026 Valid up to 31-12-2026





આપણા નેસવીલ (અમેરિકા આઈ.એસ.એસ.ઓ.)મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી










Praful Kharsani